**સુવિચાર**

એકબીજા સાથે જોડાયેલી વસ્તુને સાંકળ કહેવાય. 'હંમેશા એકબીજા સાથે જોડાયેલું રહેવું.'

:: સૌજન્ય ::

નિલકંઠ જવેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂ. ૩.૦૦
તા. ૦૮/૧૧/૨૦૨૩, બુધવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.




તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૭૯ આસો વદ-૧૧ વર્ષ : ૧૫ અંક : ૨૭૪

## રૂપિયા ૨૭ કરોડનાં ખર્ચે ''રાજમહેલ''ની કાયા પલટ થશે

# આનંદો : અમરેલીનાં ઐતિહાસિક ''રાજમહેલ''ની રોનક પાછી ફરશે


**કેફે વિથ બેન્કવેટ હોલ, હેરિટેજ હોલ, મ્યુઝિયમ અને લાયબ્રેરીની સગવડતા ઉભી થશે**



**શુભ પ્રસંગોમાં મહેમાનો માટે નવી રાજાશાહી કક્ષાની સગવડ મળશે**

**મ્યુઝિયમમાં દુર્લભ પુરાતન ચીજવસ્તુઓ તથા લાયબ્રેરીમાં મૂલ્યવાન ગ્રંથોને સ્થાન મળશે**

**નાયબ દંડક કૌશિક વેકરિયા સમક્ષ પ્રવાસન વિભાગનાં અધિકારીઓએ પ્રેઝન્ટેશન રજૂ કર્યુ**



પ્રતિકાત્મક તસ્વીર



અમરેલી, તા. ૭

ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક અને અમરેલી વિધાનસભાના સબળ અને સફળ લોકપ્રતિનિધિ કૌશિક વેકરિયા સરકારમાંથી લગભગ દર અઠવાડિયે કોઈને કોઈ યોજના મંજૂર કરાવીને લઈ આવે છે. એટલે હવે જનતા પણ દર અઠવાડિયે કોઈને કોઈ વિકાસકામની મંજૂરીની રાહ જુએ છે.

અમરેલીના હાર્દસમાં વિસ્તારમાં આવેલ રાજાશાહી સમયના રાજમહેલનો વિકાસ કરવા માટે વિસ્તારના જાગૃત ધારાસભ્યએ કરેલી રજૂઆતના પગલે રાજમહેલનો વિકાસ પ્રોજેકટ માટે ૨૭ કરોડ જેવી માતબર રકમ મંજૂર કરવામાં આવેલ. તા. ૬ નવેમ્બરના રોજ આ બાબતે પ્રવાસન મંત્રી મૂળુભાઈ બેરાની અધ્યક્ષતામાં અમરેલી ધારાસભ્યની ઉપસ્થિતિમાં પ્રવાસન વિભાગના ઉચ્ચ અધિકારીઓની હાજરીમાં પ્રેઝન્ટેશન રાખવામાં આવેલ. જેમાં લાઠી–

**અનુસંધાન પાના ૬ ઉપર**

## વડિયા નજીક આવેલ

# તાલાળી ગામની સીમમાં પત્નિને માર મારનારા પરપ્રાંતિય પતિએ ગળાફાંસો ખાઈ લેતાં મોત

**પતિએ પત્નિનાં માથામાં માર મારતા પત્નિ મરી જશે તેવું લાગ્યું**

અમરેલી, તા. ૭

મુળ મધ્યપ્રદેશનાં વતની અને હાલ વડિયા તાલુકામાં તાલાળી ગામની સીમમાં રહેતા શંકરભાઈ મદેભાઈ બગેલ નામના ૪૦ વર્ષીય શ્રમિકને તેમની પત્ની રાધા સાથે કોઈ કારણોસર ઝગડો થયેલ જેથી પતિએ પત્નિને માથાનાં ભાગો કોઈ ચીજ વડે માર મારતાં પત્નિને વધુ લોહી નીકળવા લાગતાં પતિને લાગ્યું કે હવે પત્નિને મરી જશે તેવું માની લઈ પતિએ પોતાની મેળે ગળાફાંસો ખાઈ લેતાં તેમનું મોત નિપજવાનું વડિયા પોલીસે જાહેર થવા પામેલ છે.

## અમરેલીનાં ૩જા એડિશનલ ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજનો ચુકાદો

# બાબરાનાં જામબરવાળા ગામની સગીરા ઉપર બળાત્કાર કરવાનાં ગુન્હામાં ધોકડવાનાં શખ્સને આજીવન કેદની સજા

**આરોપી કપીલ ઉર્ફે જયરાજ હઠીનારાયણને રૂપિયા ૪૨ હજારનો દંડ પણ થયો**

અમરેલી, તા. ૭

બાબરા તાલુકાના જામબરવાળા ગામની આશરે છ વર્ષ પહેલાં એક ૧૭ વર્ષિય સગીરા ઉપર બળાત્કાર ગુજારવાના અંગેના કેસમાં સ્પે. પોકસો કોર્ટ દ્વારા એક આરોપીને આજીવન કેદની સજા અને રૂપિયા ૪૨ હજારના દંડની સજા ફરમાવવામાં આવી છે. જયારે આ કેસમાં અન્ય એક આરોપીને નિર્દોષ છોડી મૂકવાનો આદેશ કર્યો હતો જયારે સગીરાને રૂા. ૪ લાખનું વળતર ચૂકવવાનો પણ આદેશ કર્યો છે.

આ બનાવમાં બાબરા તાલુકાના જામબરવાળા ગામે રહેતી એક ૧૭ વર્ષિય સગીરાને ગત તા. ૧૫/૮/૧૭ના રોજ બાબરા તાલુકાના જામબરવાળા ગામે રહેતા કનૈયાલાલ ઉર્ફે કનુભાઈ હઠીનારાયણ સગીરાને લલચાવી ફોસલાવી બાઈક નંબર જી.જે.–૧ એમ.એ. ૧૫૧૩ માં અપહરણ કરી અને જામબરવાળાથી હીરાણા ગામના પાટિયા સુધી લઈ જઈ અને અને સગીરાને ગીરગઢડા તાલુકાના ધોકડવા ગામે રહેતા કપીલ ઉર્ફે જયરાજભાઈ હઠીનારાયણ નામના આરોપીએ સગીરાને અલગ અલગ સ્થળે લઈ જઈ બળાત્કાર ગુજાર્યો હતો. આ બનાવમાં સગીરાની માતાએ બાબરા પોલીસ મથકમાં તા. ૧/૯/૧૭ના ફરિયાદ કરી હતી. અમરેલીના ત્રીજા એડીશનલ ડ્રીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ વાય.એ. ભાવસાર સમક્ષ કેસ ચાલી જતા સરકારી પબ્લિક પ્રોસિકયુસર જે.બી. રાજગોરની દલીલોને ગ્રાહ્ય રાખી ગીરગઢડા તાલુકાના ધોકડવા ગામે

**અનુસંધાન પાના ૬ ઉપર**

## એસ.ટી.નાં અધિકારીઓ સર્વે કરે તે જરૂરી

# ઉનાનાં એસ.ટી. બસ સ્ટેન્ડમાં પ્લેટફોર્મ પરની લાઈટો બંધ રહેતા પરેશાની

**બસના બોર્ડનાં રૂટ જોવામાં મુસાફરોને મુશ્કેલી**


તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

ઉના, તા.૭

ઉનાના બસ સ્ટેશનમાં છેલ્લા કેટલાય સમયથી પ્લેટ ફોર્મ સહિતની લાઈટ અમુક કારણોસર બંધ હોવાથી રાત્રિના સમયે મુસાફરી કરતા લોકોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ત્યારે એસટી વિભાગ દ્વારા આ લાઈટો ચાલુ કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

ઉના તાલુકો કેન્દ્ર શાસિત પ્રદેશ દીવને અડીને આવેલો તાલુકો છે, ત્યારે આ તાલુકામાં સાસણ, દીવ, સોમનાથ, બગદાણા સહિતના ફરવા લાયક સ્થળો પર આવવા જવા માટે મુસાફરોનો ઘસારો ઉના બસ સ્ટેશનમાં જોવા મળી રહ્યો હોય તેમજ હાલ દિવાળી વેકેશન હોવાથી અનેક

**અનુસંધાન પાના ૬ ઉપર**









# શિયાળબેટ ટાપુ ઉપરનાં લોકોની સુરક્ષા વધારવા લાઈફ જેકેટનું વિતરણ થયું






ગત તા. ૬/૧૧/૨૦૨૩નાં રોજ અમરેલી જિલ્લા ખાતે આવેલ ટાપુ શીયાળબેટ ગામ આવેલ હોય જેની વસ્તી આશરે દસ હજાર ઉપરાંતની હોય અને મોટા ભાગે ગામનાં લોકો મચ્છીમારીનાં ધંધા સાથે સંકળાયેલા હોય અને આ લોકો વર્ષોથી વસવાટ કરી રહેલ હોય અને અવર જવર કરવા માટે માર્ગ નહી હોવાના કારણે રોજીંદા લોકો બોટ મારફતે અવર જવર કરતાં હોય અને દરીયામાં કેટલીક બોટ ડુબી જવાની ઘટનાઓ બનતી હોવાના કારણે ગ્રામજનોની સુરક્ષાને ધ્યાનમાં રાખી શીયાળબેટ ગામે સેફટી કાર્યક્રમ યોજવામાં આવેલ અને શીયાળબેટ જેટીથી ગામ સુધી અવર જવર કરતી તમામ બોટો તેમજ ગ્રામજનોની સુરક્ષાને ધ્યાનમાં રાખી સ્થાનિક કંપનીનાં સહયોગથી કુલ ૩૧ ફેરી બોટનાં માલીકોને કુલ ૫૦૦ લાઈફ જેકેટ તથા કુલ ૧૪૦ લાઈફ બોયાનું વિતરણ કરવામાં આવેલ હતું. આ ઉપરોકત કાર્યક્રમમાં અમરેલી પોલીસ અધિક્ષક તથા સાવરકુંડલા વિભાગ સાવરકુંડલા નાયબ પોલીસ અધિક્ષક એચ.બી. વોરા તથા એસ.ઓ.જી પોલીસ ઈન્સ. આર.ડી. ચૌધરી તથા જાફરાબાદ મરીન પો.સ્ટે.નાં પોલીસ ઈન્સ. જે.એમ.કૈલા તથા મરીન પીપાવાવ પો.સ્ટે.નાં પોલીસ ઈન્સ. એ.આર. છોવાળા તથા એપીએમ ટર્મીનલનાં સીકયુ. હેડ સંજયસિંહ તથા અલ્ટ્રાટેક કંપનીનાં યુનીટ હેડ ટી.વી. રાવ તથા કસ્ટમનાં અધિકારી એલ.આર.મીણા તથા કોસ્ટગાર્ડ સ્ટાફ તથા જી.એમ.બી. સ્ટાફ તથા બોટ એસોસીએશન પ્રમુખ કનૈયાલાલ સોલંકી તથા ફેરી બોટ એસોસીએશનનાં માણસો તથા શીયાળબેટ ગામનાં આગેવાનો હાજર રહેલ હતા.

### કાળી ચૌદશની અંધ માન્યતા સામે રાજયવ્યાપી જાગૃતિ પત્રિકાનું વિતરણ

## કાળી ચૌદશે પાણી–અનાજનો બગાડ અટકાવવા જાથાએ રાજય સરકારને પત્ર પાઠવ્યો

### કાળી ચૌદશે પોતાના ગામના સ્મશાનમાં કાર્યક્રમો યોજવા અપીલ

અમદાવાદ, તા. ૭

ભારતમાં સદીઓથી કાળી ચૌદશની ગેરમાન્યતા, પરંપરાઓ, કુરિવાજો, માન્યતાઓ, ક્રિયાકાંડો પ્રદેશના રીતરિવાજ મુજબ જોવા મળે છે. કકડાટને દૂર કરવા ચાર ચોકમાં કુંડાળા કરી તેમાં ભજીયા–વડા મુકવાથી વાસ્તવમાં કકડાટ દૂર થયો છે કે નહિ તેનું મંથન કરવાનો સમય પાકી ગયો છે. ભાવિ પેઢીને વારસામાં આપણે શું આપવા માંગીએ છીએ. માનવીનું ૨૧ મી સદીને અનુરૂપ વર્તન હોવું જોઈએ. ચાર ચોકમાં ખાદ્ય અનાજ, પાણીનો બગાડ અટકાવવો સૌ કોઈની નૈતિક ફરજ છે. ગરીબી રેખામાં જીવતા લોકોને બે ટંક ખાવાનું મળતું નથી. દેશમાં ભૂખમરો જોવા મળે છે ત્યારે કાળી ચૌદશે ચાર ચોકમાં કુંડાળા કરી ખાદ્ય અનાજ–પાણીના બગાડ અટકાવવા ભારત જન વિજ્ઞાન જાથાની રાજયવ્યાપી લોકોને અપીલ કરવામાં આવે છે. પ્રતિ વર્ષની જેમ સરકારની મંજુરી લઈ નિયમોનું પાલન કરી સ્મશાનમાં આયોજન કરવામાં આવશે.

જાથાના રાજય ચેરમેન અને એડવોકેટ જયંત પંડયાએ જણાવ્યું કે આગામી તા. ૧૧ મી નવેમ્બર શનિવારે કાળી ચૌદશની ગેરમાન્યતા–કુરિવાજો સામે જાગૃતિ લાવવા દેશવ્યાપી આયોજન કરવામાં આવ્યું છે. રાજય સરકારના મુખ્યમંત્રીશ્રી સહિત ઉચ્ચ અધિકારીઓને પત્ર પાઠવી મહા નગરપાલિકાઓ, નગરપાલિકાઓ, ગ્રામ પંચાયતો, કાળી ચૌદશના દિવસે અનાજ–પાણીનો બગાડ અટકાવવા ઠોસ કદમ ઉઠાવે અને ચાર ચોકમાં પડેલો ખાદ્ય અનાજ–પદાર્થ એકઠો કરવા સંબંધી વ્યવસ્થા કરી ભુખ્યા માનવી કે પશુના પેટમાં અનાજ જાય તેવી ગોઠવણ કરવા પત્ર પાઠવવામાં આવ્યો છે. રાજયના તમામ જિલ્લાના કલેકટરો, જિલ્લા વિકાસ અધિકારીઓને પણ પત્ર પાઠવી પરિપત્ર કરવા સંબંધી રજૂઆત કરવામાં આવી છે. સદીઓથી કુરિવાજનું વળગણ દુ:ખદ છે. જાથાને પ્રચાર માધ્યમો ભરપૂર ટેકો આપે છે ત્યારે લોકોએ જાગૃતતાના દર્શનની અપેક્ષા છે. રાજયમાં જાથા એક હજાર બસ્સો નાના–મોટા નગરોમાં કાળી ચૌદશની ગેરપરંપરા સામે જાગૃતિના અવનવા કાર્યક્રમો યોજવાના છે. ચાર ચોકમાં કુંડાળા કરવાના રિવાજને કાયમી તિલાંજલિ, અનાજ– પાણીનો બગાડ અટકાવવો, ભૂત–પ્રેતની બોગસ વાર્તાઓને જમીનદોસ્ત કરી દફનાવવું અને કુરિવાજોને કાયમી દેશનિકાલ કરવા ભગીરથ અભિયાન આદર્યું છે તેમાં જાગૃતોનો સહયોગ જાથા ઈચ્છે છે. કાળીચૌદશની ઉજવણી વિવેકપૂર્ણ યોજી સ્થાનિક તંત્રની મંજુરી મેળવી કાર્યક્રમ યોજવા જાથાએ અપીલ કરી છે.

જાથાના પંડયા જણાવે છે કે તા. ૧૧ મી નવેમ્બર શનિવારે કાળી ચૌદશની ગેરમાન્યતા સામે જાગૃતિ પત્રિકાનું વિતરણ જિલ્લા મથકોએ કરવામાં આવશે. મહિકા ગામે ઘરે ઘરે પત્રિકાનું વિતરણ કરવામાં આવશે. આગામી તા. ૧૧ મી નવેમ્બરે પોતાના ગામના સ્મશાનમાં કાર્યક્રમો યોજવા ઈચ્છુકોએ જાથા મો. ૯૮૨૫૨ ૧૬૬૮૯ ઉપર સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

## વડિયા–કુંકાવાવ તાલુકા વિકાસ અધિકારીની બદલી થતાં વિદાય સમારંભ યોજાયો



તસ્વીર : જીતેશગીરી ગોસાઈ–વડિયા

વડિયા, તા. ૭

વડિયા કુંકાવાવ તાલુકા પંચાયત ખાતે છેલ્લા ઘણા વર્ષો સુધી તાલુકા વિકાસ અધિકારી તરીકે ફરજ બજાવતા અને ખુબજ સરસ સ્વભાવ ધરાવતા,ધવલકુમાર લીંબાસિયા, તાલુકા વિકાસ અધિકારી, કુંકાવાવથી તાલુકા વિકાસ અધિકારી, જાંબુઘોડા ખાતે બદલી થતા વિદાય કાર્યક્રમ તા.પં. કુંકાવાવ ખાતે યોજાયો, જેમા તાલુકા પંચાયત સમગ્ર સ્ટાફ અને તાલુકા ભરના તલાટી કમ મંત્રી દ્વારા ભવ્ય વિદાય સમારંભ યોજયો હતો આ તકે તાલુકા વિસ્તરણ અધિકારી જેસી કટેસીયા જીજ્ઞેશ પટોળીયા જગદીશભાઈ સોની મિલન કટારીયા રામાણી સહિતના ઉપસ્થિત રહ્યા હતા

## ધારી પો.સ્ટે.નાં ગુન્હામાં જેલમાંથી પેરોલ રજા પરથી ફરાર થયેલ આરોપી ઝડપાયા



અમરેલી, તા. ૭

ધારી ખાતે આવેલ નવી વસાહતમાં રહેતા આરોપી યુનુસભાઈ કાસમભાઈ સમાને નો.કો.નં. ૦૧/ ૨૦૨૩ પ્રિઝન એકટ કલમ–૫૧–એ, ૫૧– બી. મુજબ ફેમીલી કોર્ટ જુનાગઢ દ્વારા ભરણપોષણની રકમ રૂા. ૧,૩૧,૫૦૦ ન ભરવા બદલ દિન – ૮૭૦ ની કેદની સજા કરેલ હોય અને મજકુર કેદી રાજકોટ મધ્યસ્થ જેલમા પાકા કામના કેદી તરીકે સજા ભોગવતો હોય અને નામદાર ગુજરાત હાઈકોર્ટના આદેશાનુસાર મજકુર કેદી દીન–૨૧ની પેરોલ રજા ઉપર તા. ૨૮/૭/૨૩ ના છૂટી સમયસર રાજકોટ જેલ ખાતે હાજર ન થઈ તા. ૧૯/૮/૨૩ થી ફરાર હતો.

ફરાર કેદીઓ શોધી કાઢવા સુચના આપેલ હોય જે અન્વયે અમરેલીના પોલીસ અધિક્ષક, હિમકર સિંહ દ્વારા નાસતા ફરતા આરોપી તથા ફરાર કેદીઓ શોધી કાઢવા તથા અસરકારક કામગીરી કરવા જરૂરી સુચના આપેલ હોય જે અન્વયે અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. એ.એમ. પટેલના માર્ગદર્શન આધારે પેરોલ ફર્લો સ્કવોર્ડની ટીમના મળેલ ચોકકસ બાતમીના આધારે રાજકોટ મધ્યસ્થ જેલમાથી પેરોલ રજા પરથી ફરાર થયેલ પાકા કામના કેદીને રાજકોટથી તા. ૭/૧૧/૨૦૨૩ના રોજ પકડી પાડી બાકી રહેતી સજા ભોગવવા સારૂ રાજકોટ મધ્યસ્થ જેલને સોપવા સારૂ ધારી પોલીસ સ્ટેશને સોપવા તજવીજ કરેલ છે.

## લીલીયામોટા : માર્કેટયાર્ડ ૧૦ થી ૧૭ સુધી બંધ રહેશે

લીલીયા મોટા, તા. ૭

આથી લીલીયા તાલુકાના દરેક ખેડૂત ભાઈઓ તથા વેપારી ભાઈઓને જણાવવામાં આવે છે કે આગામી તા. ૧૦/૧૧/૨૦૨૩ ને શુક્રવાર (ધન તેરશ) થી આગામી તા. ૧૭/૧૧/૨૦૨૩ને શુક્રવાર સુધી દિવાળી તથા નુતન વર્ષના તહેવારો હોવાથી માર્કેટયાર્ડમાં જાહેર હરરાજીનું તમામ કામકાજ બંધ રહેશે. તેથી ખેડૂત ભાઈઓએ ખેત જણસીઓ ન લાવવી.અને તમામ વેપારી ભાઈઓએ આગ અકસ્માતના બનાવો ન બને અને માલનુ નુકશાન ન થાય તેવા હેતુથી પોતાનો કપાસ અને ખરીદ કરેલ તમામ જણસીઓનો જથ્થો માર્કેટ યાર્ડમાંથી સુરક્ષીત જગ્યાએ ફરજીયાત પણે ખસેડી લેવા સુચના છે.

આગામી તા. ૧૮/૧૧/૨૦૨૩ ને શનિવાર (લાભ પાંચમ)ના રોજથી જાહેર હરરાજીનું તમામ કામકાજ રાબેતા મુજબ શરૂ કરવામાં આવશે.જે અંગે સર્વે લાગતા વળગતાઓએ નોંધ યાર્ડનાં સતાધીશોએ જણાવેલ છે.

## સાવરકુંડલામાં દિવાળી નિમિત્તે મીઠાઇ તેમજ અનાજ/કરિયાણાની કિટનું વિનામૂલ્યે વિતરણ



સાવરકુંડલા, તા. ૭

સાવરકુંડલામા ભગવાન મહાવીર સ્વામીના અનુયાયી માતૃશ્રી વિમળાબેન ચંપકલાલ ખેતાણી પરિવાર ફાઉન્ડેશન મુંબઈ (સાવરકુંડલા વાળા) દ્વારા સાવરકુંડલા શહેરના લોકોને જરૂરી ખાધ સામગ્રી ખાઈ તથા બનાવી શકે તેવી વસ્તુઓ.સાવરકુંડલામાં ચાલતા ૩ છાશ કેન્દ્રમાં આવતા ૧૪૦૦ પરિવારોને આ સહાય મધ જેવી મીઠી લાગી હતી ભગવાન મહાવીરના અનુયાયી એવા ખેતાણી પરિવાર દ્વારા ખાસ કરીને આખા વર્ષ દરમિયાન સાવરકુંડલા શહેરના જરૂરિયાતમંદ લોકોને છેલ્લા છ વર્ષથી ૧૪૦૦ પરિવારને નિયમિત છાશનું વિના મૂલ્ય વિતરણ કરવામાં આવે છે સાવરકુંડલા શહેરમાં આવેલ શ્રી તાત્કાલીક હનુમાનજી આશ્રમ તેમજ શ્રી ઉતાવળા હનુમાનજી મંદિર અને શ્રી જલારામ મંદિર ખાતે નિયમિત છાશ કેન્દ્ર ચાલે છે તેમજ સાથો સાથ વર્ષમાં ધાર્મિક પર્વ પર મીઠાઈ, અનાજ, કરિયાણાની કીટનું પણ વિના મૂલ્ય વિતરણ કરવામાં આવે છે આ છાશ કેન્દ્રના સંપૂર્ણ લાભાર્થી એવા મહાવીર સ્વામીના અનુયાયી વિમળાબેન ચંપકલાલ ખેતાણી પરિવાર ફાઉન્ડેશન મુંબઈ સાવરકુંડલા વાળા દ્વારા જરૂરિયાતમંદ લોકોને માનવ સેવાના આ મહાયજ્ઞમાં રાશનકીટનું વિતરણ કરવા આવ્યું હતું. હસમુખભાઈ વડેરા, સાવરકુંડલા લોહાણા જ્ઞાતિ અગ્રણી, અરવિંદભાઈ ખીમાણી, દિનેશભાઈ રાંદલસ્ટીલ, રાજુભાઈ ગોકુલ જવેલર્સતેમજ જેન્તીભાઈ વાટલીયા, મહેન્દ્રભાઈ કુકડીયા, સતિષભાઈ પાંડે તથા સમગ્ર ટીમ મૈત્રી ડેવલોપર સમગ્ર પરિવારે મીઠાઈ અને અનાજ કરીયાણા કીટનું વિતરણમા સેવાનો અમૂલ્ય લાભ લીધો.

### લાયન્સકલબ ઓફ અમરેલી (સીટી) દ્વારા

## લીલીયા ખાતે ગુરૂવારે નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પ યોજાશે

### રમાબેન અનિલભાઈ પારેખ મુંબઈ તરફથી આર્થિક સહયોગ થયો

અમરેલી, તા. ૭

તા. ૯/૧૧/૨૩ને ગુરૂવારે ઉમિયા માતાજી મંદિર લીલીયા મોટામાં યોજાશે કેમ્પ, લાયન્સ કલબ ઈન્ટરનેશનલના મહત્વના સાઈટ ફર્સ્ટ પ્રોજેકટ હેઠળ લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી) અને ઉમિયા માતાજી મંદિર ટ્રસ્ટ લીલીયા મોટાના ઉપક્રમે તેમજ સુદર્શન નેત્રાલય અને રમાબેન અનિલભાઈ પારેખ મુંબઈના આર્થિક સહયોગથી વિનામૂલ્યે નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પ ઉમિયા માતાજી મંદિર ઉમિયાધામ લીલીયા મોટા મુકામે તા. ૯/૧૧/૨૦૨૩ને ગુરૂવાર સવારે ૯ કલાકે આયોજન કરવામાં આવેલ છે.

આ કેમ્પમાં આંખના રોગ જેવા કે મોતિયો, ઝામર, વેલ, પરવાળા, ત્રાંસી, આંખની કીકી, પડદા તથા આંખના તમામ રોગોની તપાસ આંખના નિષ્ણાત ડોકટર દ્વારા તપાસ કરવામાં આવશે. જરૂરિયાતમંદ દર્દીઓને સુદર્શન નેત્રાલય અમરેલીમાં લાવીને મોતિયાના ટાંકા વગરના ઓપરેશન કરી નેત્રમણી બેસાડી દેવામાં આવનાર છે.આ ઉપરાંત જરૂરિયાતમંદ વ્યક્તિઓની આંખના નજીક તથા દુરના નંબરની તપાસ કરવામાં આવશે અને કેમ્પ સ્થળ ઉપર નંબર પ્રમાણે રાહત ભાવે ચશ્મા બનાવી આપવામાં આવશે.આ કેમ્પનો વધુ દર્દીઓ લાભ લે તે અંગેની હાર્દિક અપીલ કરવામાં આવેલ છે.

આ કેમ્પને સફળ બનાવવા માટે ઉમિયા માતાજી મંદિર ટ્રસ્ટના પ્રમુખ બાબુભાઈ ધામત, ઉપપ્રમુખ મનસુખભાઈ ગાંગડીયા અને ભગવાનભાઈ શેખલીયા તેમજ ઉમા એજયુકેશન ગ્રુપ લીલીયા મોટા અને લાયન્સ ક્લબ ઓફ અમરેલી (સીટી) તરફથી પ્રમુખ લાયન કિશોરભાઈ શિરોયા, સેક્રેટરી લાયન ઋજુલભાઈ ગોંડલીયા, લાયન બિમલભાઈ રામદેવપુત્રા, લાયન પ્રા. એમ.એમ. પટેલ, લાયન રમેશભાઈ ગોલ, લાયન વિનોદભાઈ આદ્રોજા, લાયન જયેશભાઈ પંડયા, લાયન અશ્વિનભાઈ ડોડીયા, લાયન સાહસભાઈ ઉપાધ્યાય તેમજ સુદર્શન નેત્રાલય કિર્તીભાઈ ભટ્ટ, નિલેશભાઈ ભીલ અને તેમની ટીમ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી રહી છે.

# સાવરકુંડલામાં પાલિકા દ્વારા ‘સ્વચ્છતા હી સેવા’ અભિયાનનો ધમધમાટ






સાવરકુંડલા નગર પાલિકા તરફથી શહેરના અલગ અલગ જગ્યાઓ ઉપર સ્વચ્છતા અભિયાનના બેનરો લગાવી સ્વચ્છતા પત્યે લોકોમાં જાગરૂકતા લાવવા માટે શહેરના વિવિધ વિસ્તારોમાં બેનરો લગાવવામાં આવ્યા છે જેમાં જાહેરમાં કચરો ન નાખવો ૭૫ માઈક્રો નીચેના પ્લાસ્ટિકનો ઉપયોગ ના કરવો તેમજ પાણીનો ખોટો બગાડ ન કરવો આવા વિવિધ બેનરો લગાવી લોકોમાં જાગરૂકતા લાવવા માટેનું કાર્ય શરૂ કરવામાં આવ્યું છે સાવરકુંડલાની નાવલી નદીની સફાઈ ઝુંબેશ પણ પુર જોશમાં ચાલી રહી છે આ જોતાં આવનારા દિવસોમાં નગર પાલિકા દંડાત્મક પગલાં ભરે તો નવાઈ નહી માટે સાવરકુંડલાની જનતા જાહેરમાં કચરો ન નાખે પાણીનો બગાડ ન કરે અને પ્લાસ્ટિકનો ઉપયોગ ન કરે અને આવનારા દિવસોમાં સાવરકુંડલા શહેરને સુંદર બનાવવામાં સહયોગ આપે.

### ભારતીય અર્થતંત્ર માટે સારા સમાચાર

# ભારતનો જીડીપી વિશ્વની ટોપ-૧૦ અર્થવ્યવસ્થામાં સૌથી વધુ રહેવાનું અનુમાન

## ફિચ રેટિંગ્સ એજન્સીએ ભારતના ગ્રોથ રેટને ૦.૭ ટકા વધારીને ૬.૨ ટકા અંદાજ્યો, ચીનના ગ્રોથ રેટમાં મોટા ઘટાડાનો અંદાજે

નવી દિલ્હી,તા.૭

ભારત દુનિયાની સૌથી ઝડપી આગળ વધતી અર્થવ્યવસ્થા છે અને આ ઈકોનોમિક ઝડપ યથાવત રહેવાનું અનુમાન છે.

આ પ્રકારનું નિવેદન તમામ રેટિંગ એજન્સી દ્વારા આપવામાં આવી રહ્યું છે. માટે જ આ કારણના લીધે વર્લ્ડ બેંક અને આઈએમએફદ્વારા પણ ભારતની અર્થવ્યવસ્થાના ગ્રાફમાં વૃદ્ધિનું અનુમાન લાગવામાં આવ્યું છે. જે ભારત માટે એક સારા સમાચાર છે.

તાજેતરમાં ફિચ રેટિંગ્સએજન્સી દ્વારા પણ ભારતની અર્થવ્યવસ્થાના સંદર્ભમાં એક રીપોર્ટ બહાર પાડવામાં આવ્યો હતો. જેમાં ભારતના ગ્રોથ રેટને ૦.૭ ટકા વધારીને ૬.૨ ટકા અંદાજવામાં આવ્યો છે.

આ સિવાય આ રેટિંગ એજન્સીએ ચીનને એક મોટો ઝટકો આપ્યો છે, જેમાં તેના ગ્રોથ રેટમાં મોટા પ્રમાણમાં ઘટાડાનું અંદાજ છે.ફિચ રેટિંગએજન્સી આ પહેલા ભારતના ગ્રોથ રેટ ૫.૫ ટકા અંદાજ્યો હતો. જેમાં ૦.૭ ટકાનો વધારો કરી ૬.૨ ટકાનો અંદાજ રાખવામાં આવ્યો છે. ફિચે વર્ષ ૨૦૨૩ થી ૨૦૨૭ માટે આ અનુમાન લગાવ્યું છે.

સૌથી મહત્વની બાબત તો એ છે કે, ભારતનો જીડીપીવિશ્વની ટોપ-૧૦ અર્થવ્યવસ્થામાં સૌથી વધુ રહેશે. આ અનુમાન પાછળના કારણોને જણાવતા એજન્સી દ્વારા જાણવામાં આવ્યું હતું કે, ભારતમાં રોજગારી દર વધ્યો છે. તેના સિવાય લેબરની પ્રોડક્શન ક્ષમતા અન્ય દેશની સરખામણીએ ભારતમાં ખૂબ સારી છે.જે રીતે ફિચે ભારતના ગ્રોથ રેટનો અંદાજ વધાર્યો છે તે જ રીતે ચીન અને રશિયા જેવા દેશોના વિકાસ દરમાં ઘટાડો નોંધવાની શક્યતા દર્શાવી છે. વર્ષ ૨૦૨૩ થી ૨૦૨૭ માટે ચીનની અર્થવ્યવસ્થા ૫.૩થી ઘટીને ૪.૬ ટકા પર પહોંચી જશે.

### રેલવેના નિર્ણયથી આશરે ૬ લાખ યાત્રિકોને ફાયદો થશે

# પશ્ચિમ રેલવેએ ગુજરાતમાં શરૂ કરી ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેન

## આગામી તહેવારોની સીઝન દરમિયાન યાત્રાની માંગ પૂરી કરવા માટે વિશેષ ભાડા પર ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેન ચલાવવાનો નિર્ણય કર્યો છે

અમદાવાદ, તા.૭

હવે દિવાળીના તહેવારોની શરૂઆત થવાની છે. દિવાળીના તહેવારોમાં રજાઓ હોય છે અને અનેક લોકો ફરવા જતાં હોય છે. તેવામાં પશ્ચિમ રેલવે દ્વારા મોટી જાહેરાત કરવામાં આવી છે. પશ્ચિમ રેલવે દ્વારા પાંચ જોડી ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેન દોડાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. તેમાં સાબરમતી-દાનાપુર, વડોદરા-હરિદ્વાર, વડોદરા-ગોરખપુર, ડો. આંબેડકર નગર-પટના અને અમદાવાદ-સમસ્તીપુર ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેન સામેલ છે. રેલવેના આ નિર્ણયથી આશરે ૬ લાખ યાત્રિકોને ફાયદો થશે.

ટ્રેન નંબર ૦૯૪૦૩ સાબરમતી-દાનાપુર સુપરફાસ્ટ સ્પેશિયલ દર રવિવારે સવારે ૮.૧૫ કલાકે સાબરમતીથી પ્રસ્થાન કરશે અને બીજા દિવસે બપોરે ૨.૧૫ કલાકે દાનાપુર પહોંચશે. આ ટ્રેન ૧૨ નવેમ્બરથી ૨૬ નવેમ્બર સુધી ચાલશે. આ રીતે ૦૯૪૦૪ દાનાપુર-સાબરમતી સુપરફાસ્ટ સ્પેશિયલ ટ્રેન દર સોમવારે સાંજે ૬ કલાકે દાનાપુરથી પ્રસ્થાન કરશે અને બીજા દિવસે રાત્રે ૧૧.૩૦ કલાકે સાબરમતી પહોંચશે.

આ ટ્રેન મહેસાણા, પાલનપુર, આબુ રોડ, અજમેર, જયપુર, બાંદીકુઈ, ભરતપુર, અછનેરા, આગરા ફોર્ટ, ટૂંડલા, ઈટાવા, કાનપુર સેન્ટ્રલ, પ્રયાગરાજ, પંડિત દીન દયાળ ઉપાધ્યાસ, બક્સર અને આરા સ્ટેશનો પર રોકાશે.

૨. ટ્રેન નંબર૦૯૧૨૯/૦૯૧૩૦ વડોદરા-હરિદ્વાર સુપરફાસ્ટ સ્પેશિયલ (સાપ્તાહિક)

ટ્રેનનંબર ૦૯૧૨૯ વડોદરા-હરિદ્વાર સુપરફાસ્ટ સ્પેશિયલ ટ્રેન દર શનિવારે સાંજે ૭ કલાકે વડોદરાથી પ્રસ્થાન કરશે અને બીજા દિવસે બપોરે ૨.૩૦ કલાકે હરિદ્વાર પહોંચશે. આ ટ્રેન ૧૧ નવેમ્બરથી ૨૫ નવેમ્બર સુધી ચાલશે. તો ટ્રેન નંબર ૦૯૧૩૦ હરિદ્વાર-વડોદરા સુપરફાસ્ટ ટ્રેન દર રવિવારે સાંજે હરિદ્વારથી ઉપડશે.

આ ટ્રેન ગોધરા, દાહોદ, રતલામ, કોટા, ગંગાપુર સિટી, મથુરા, હરઝત નિઝામુદ્દીન, ગાઝિયાબાદ, મેરઠ સિટી, મુઝફ્ફરનગર, ટપરી અને રૂકડી સ્ટેશનો પર રોકાશે.

૩. ટ્રેન નંબર ૦૯૧૦૧/૦૯૧૦૨ વડોદરા-ગોરખપુર સ્પેશિયલ (સાપ્તાહિક)

ટ્રેન નંબર ૦૯૧૦૧ વડોદરા-ગોરખપુર સ્પેશિયલ દર સોમવારે વડોદરાથી ૧૯.૦૦ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૨૩.૩૦ કલાકે ગોરખપુર પહોંચશે. આ ટ્રેન ૧૩ નવેમ્બર ૨૦૨૩ થી ૨૭ નવેમ્બર ૨૦૨૩ સુધી ચાલશે. એ જ રીતે ટ્રેન નંબર ૦૯૧૦૨ ગોરખપુર-વડોદરા સ્પેશિયલ દર બુધવારે ગોરખપુરથી ૦૫.૦૦ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૦૮.૩૫ કલાકે વડોદરા પહોંચશે. આ ટ્રેન ૧૫ નવેમ્બર ૨૦૨૩ થી ૨૯ નવેમ્બર ૨૦૨૩ સુધી ચાલશે.

આ ટ્રેન ગોધરા, રતલામ, કોટા, સવાઈ માધોપુર, ગંગાપુર સિટી, ભરતપુર, અછનેરા, આગરા ફોર્ટ, ટૂંડલા, શિકોહાબાદ, ફર્રુખાબાદ, કાનપુર, લખનઉ, બારા બંકી, ગોંડા અને બસ્ટી સ્ટેશનો પર રોકાશે.

૪. ટ્રેન નંબર ૦૯૪૧૩/૦૯૪૧૪ અમદાવાદ-સમસ્તીપુર સ્પેશિયલ

ટ્રેન નંબર ૦૯૪૧૩ અમદાવાદ-સમસ્તીપુર સ્પેશિયલ અમદાવાદથી દર ગુરુવારે ૧૫.૩૦ કલાકે ઉપડશે અને શનિવારે ૦૪.૦૦ કલાકે સમસ્તીપુર પહોંચશે. આ ટ્રેન ૯ નવેમ્બર ૨૦૨૩ થી ૩૦ નવેમ્બર ૨૦૨૩ સુધી ચાલશે. એ જ રીતે ટ્રેન નંબર ૦૯૪૧૪ સમસ્તીપુર-અમદાવાદ સ્પેશિયલ દર શનિવારે સમસ્તીપુરથી ૦૮.૧૫ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૨૨.૪૫ કલાકે અમદાવાદ પહોંચશે. આ ટ્રેન ૧૧ નવેમ્બર ૨૦૨૩ થી ૨ ડિસેમ્બર ૨૦૨૩ સુધી ચાલશે.

આ ટ્રેન વડોદરા, સુરત, નંદુરબાર, ભુસાવલ, ખંડવા, ઈટારસી, જબલપુર, કટની, સતના, માણિકપુર, પ્રયાગરાજ છિવકી, પં. દીન દયાલ ઉપાધ્યાય, બક્સર, અરાહ, પટના અને બરૌની સ્ટેશનો પર બંને દિશામાં ઉભી રહેશે.

### રામ મોકરિયાએ કૃષિ મંત્રીને લેખિતમાં રજૂઆત કરી હતી

# નકલી બિયારણને લઈ સાંસદે લખેલા પત્રને લઈ કૃષિ વિભાગ એક્શનમાં આવ્યું

## પાક્કુ લાયસન્સ હોય, વિશ્વાસપાત્ર વિક્રેતા પાસેથી બિયારણ ખરીદો, તેમજ ખેડૂતો પાકુ બિલ લેવાનો આગ્રહ રાખે. સર્ટિફાઈડ બિયારણ લેવું જોઈએ

અમદાવાદ, તા.૭

નકલી બિયારણને લઈ સાંસદે લખેલા પત્રને લઈ કૃષિ વિભાગ એકશમાં આવ્યું હતું. નકલી બિયારણને લઈને સંયુક્ત કૃષિ નિયામક જે.બી ઉપાધ્યાયે માહિતી આપી હતી. કૃષિ નિયામક દ્વારા જણાવ્યું હતું કે, સાંસદ રામભાઈએ કરેલી રજૂઆત કૃષિમંત્રીએ ગંભીરતાથી લીધી છે. કૃષિ વિભાગનાં અધિકારીઓને યોગ્ય પગલા લેવા આદેશ કર્યો છે. તેમજ કૃષિ ભવનમાં બેઠકનું આયોજન કરી ગુણવત્તા નિયંત્રણ કેન્દ્રને સૂચના આપી છે. આ વર્ષે નકલી બિયારણની ખાસ કોઈ ફરિયાદ મળી નથી. ગત વર્ષે ૭૫૦૦ નમૂનાં લેવાનો ટાર્ગેટ હતો. આ વખતે અમે ૨૫ હજાર નમૂનાં લેવાનો ટાર્ગેટ કર્યો છે. ૧૭ હજાર નમૂનાં લેવાઈ ચૂક્યા છે. લેબોરેટરીમાં મોકલાયા છે. અત્યાર સુધી ૨૮૬ નમૂનાં બિન પ્રમાણિક થયા છે. જ્યારે ૨૮૬ ગેરલાયક નમૂનામાંથી ૧૮૮ નમૂનાની અંદર કોર્ટ કેસની મંજૂરી મળી છે. તેમજ વધુમાં સીડ્સ ડીલરને ત્યાં તપાસ કરી રહ્યા છે. તપાસમાં ૨૨ લાકનો જથ્થો અટકાવેલો છે. નકલી બિયારણ શબ્દ યોગ્ય નથી. બિયારણ નકલી ન હોઈ શકે. બિયારણની ગુણવત્તા યોગ્ય ન હોય તેવું બને છે. બિયારણ જીવંત ચીજ વસ્તુ છે. એટલે નકલી ન બની શકે.નકલી શબ્દ ભરમાવે તેવો છે. ખેડૂતો નકલ શબ્દ મગજમાંથી હટાવે. અને ખરીદી કરતી વખતે ખેડૂતો સજાહ રહે. પાક્કુ લાયસન્સ હોય, વિશ્વાસપાત્ય વિક્રેતા પાસેથી બિયારણ ખરીદો. તેમજ ખેડૂતો પાકુ બિલ લેવાનો આગ્રહ રાખે. સર્ટિફાઈડ બિયારણ લેવું જોઈએ. નકલી બિયારણ મુદ્દે સાંસદ રામ મોકરિયાએ કૃષિ મંત્રીને પત્ર લખ્યો છે. આ મામલે તેમણે કહ્યું કે લોકોની રજૂઆત અંગે પગલાં લેવાય તેવા મારા પ્રયત્નો છે. બિયારણ માફિયાઓને કડક સજા થાય તેવી મારી માંગ છે. નકલી બિયારણ આપી ખેડૂતોને લુંટાઈ રહ્યા છે.કાયદામાં ફેરફાર કરી આવા વેપારીઓ વિરુદ્ધ પગલાં લેવાય તેવી વ્યવસ્થા કરવી જોઈએ. તેમણે કહ્યું કે ખેડૂતોએ નકલી બિયારણ અંગે તેમને ફરિયાદ કરી હતી કે અમુક વેપારીઓ નકલી બિયારણનું વેચાણ કરે છે. અને મારી પાસે આવેલી રજૂઆતના સંદર્ભે કૃષિમંત્રીને પત્ર લખ્યો છે. નકલી રાસાયણિક દવાના કારખાના પણ ધમધમે છે. નકલી બિયારણથી ખેડૂતોની મહેનત પાણીમાં જાય છે. વેપારીઓ નકલી બિયારણ ન વેચી શકે તેવી વ્યવસ્થા થવી જોઈએ.

### સરકાર ગ્રાહકોને ૨૭.૫૦ રૂપિયા પ્રતિ કિલોના ભાવે ભારત આટાનું વેચાણ કરશે

# સરકાર ગ્રાહકોને ૨૭.૫૦ રૂપિયા પ્રતિ કિલોના ભાવે ભારત આટાનું વેચાણ કરશે

## આવી સ્થિતિમાં સરકારે સામાન્ય લોકોને સસ્તા ભાવે ભારત બ્રાન્ડના નામથી લોટ વેચવાનો નિર્ણય લીધો છે

નવી દિલ્હી, તા.૭

ઘઉંના ભાવમાં વધારો થયા બાદ લોટના ભાવમાં થયેલા વધારાને ધ્યાનમાં રાખીને સરકારે સામાન્ય લોકોને સસ્તા ભાવે લોટ આપવાનો નિર્ણય કર્યો છે. આ દિશામાં સરકારે આજથી ભારતીય લોટને સસ્તા ભાવે વેચવાનો નિર્ણય લીધો છે. સરકાર ગ્રાહકોને ૨૭.૫૦ રૂપિયા પ્રતિ કિલોના ભાવે ભારત આટાનું વેચાણ કરશે. ભારત બ્રાન્ડ નામ હેઠળ લોટ વેચવા માટે, કેન્દ્રીય ખાદ્ય અને ગ્રાહક બાબતોના પ્રધાન પીયૂષ ગોયલે રાજધાનીના ડ્યુટી રૂટ પર ૧૦૦ મોબાઈલ વાનને લીલી ઝંડી આપી છે. ભારત આટા ૨૭.૫૦ રૂપિયામાં વેચાશે. આ મોબાઈલ વાન ઉપરાંત, ભારત અટ્ટા સેન્ટ્રલ સ્ટોર પર ઉપલબ્ધ રહેશે. આ ઉપરાંત સરકારી એજન્સીઓ NAFED અને NCCF પણ આ સસ્તો લોટ ગ્રાહકોને ઉપલબ્ધ કરાવશે. એવું માનવામાં આવે છે કે ભારત અટ્ટા ગ્રાહકોને સસ્તા ભાવે લોટ આપવામાં મદદ કરશે. આના દ્વારા લોટના વધતા ભાવને પણ અંકુશમાં લઈ શકાશે. ઘઉંના ભાવમાં થયેલા વધારાને ધ્યાનમાં રાખીને, સરકારે ઓપન માર્કેટ સેલ સ્કીમ હેઠળ કેન્દ્રીય ભંડાર, ACCF અને NAFED જેવી એજન્સીઓને ૨૧.૫૦ રૂપિયા પ્રતિ કિલોના ભાવે ૨.૫ લાખ ટન ઘઉં ઉપલબ્ધ કરાવ્યા છે, જેને લોટમાં રૂપાંતરિત કરીને વેચવામાં આવે છે. ભારત આટા બ્રાન્ડના નામ હેઠળ રૂ. ૨૭.૫૦ પ્રતિ કિલોના ભાવે ગ્રાહકોને સસ્તો લોટ ઉપલબ્ધ કરાવવો જોઈએ. કેન્દ્રીય મંત્રી પીયૂષ ગોયલે આ પ્રસંગે કહ્યું કે સરકારના હસ્તક્ષેપને કારણે આવશ્યક ચીજવસ્તુઓની કિંમતો પર નિયંત્રણ રાખવામાં મદદ મળી છે. તેમણે કહ્યું કે અગાઉ સરકારે ટામેટા અને ડુંગળીના ભાવને અંકુશમાં લેવા માટે ઘણા પગલાં લીધાં હતાં. તેમણે કહ્યું કે સરકાર પહેલાથી જ ગ્રાહકોને ૬૦ રૂપિયા પ્રતિ કિલોના ભાવે ભારત દાળ વેચી રહી છે. છૂટક બજારમાં ઘઉંના ભાવમાં વધારો થયા પછી, સરકારે ઓપન માર્કેટ સેલ સ્કીમ હેઠળ માર્ચ ૨૦૨૪ સુધીમાં તેના સ્ટોકમાંથી ૧૦૧.૫ લાખ ટન ઘઉં વેચવાનું નક્કી કર્યું છે. ગયા વર્ષે સરકારે ૫૭ લાખ ટન ઘઉંનું વેચાણ કર્યું હતું. જો જરૂરી હોય તો સરકાર માર્ચ ૨૦૨૪ સુધીમાં બજારમાં ૨૫ લાખ ટન વધુ ઘઉંનું વેચાણ કરી શકે છે.

### ઈઝરાયલ અને હમાસ વચ્ચે છેલ્લાં ૩૦ દિવસથી ઘમસાણ

# ઈઝરાયેલ-હમાસ યુદ્ધનો મૃત્યુઆંક ૧૧ હજારને વટાવી ગયો

## ઇઝરાયેલના હુમલામાં અત્યાર સુધીમાં ૧૦,૦૨૨ પેલેસ્ટિનિયન માર્યા ગયા છે

જેરૂસલેમ, તા.૭

ઈઝરાયલ અને હમાસ વચ્ચે છેલ્લાં ૩૦ દિવસથી ઘમસાણ યુદ્ધની સ્થિતિ જોવા મળી રહી છે. એક મહિનાના યુદ્ધમાં ગાઝાના ઘણા વિસ્તારો ખંડેર બન્યા છે. આ યુદ્ધમાં મૃત્યુઆંક ૧૧ હજારને વટાવી ગયો છે. ગાઝાના સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, ઈઝરાયેલના હુમલામાં અત્યાર સુધીમાં ૧૦,૦૨૨ પેલેસ્ટિનિયન માર્યા ગયા છે. તેમાં ૪૧૦૦ થી વધુ બાળકો છે. સંયુક્ત રાષ્ટ્રએ ટિપ્પણી કરી કે ગાઝા બાળકો માટે કબ્રસ્તાન બની રહ્યું છે. તે જ સમયે, હમાસના હુમલામાં ૧,૪૦૦ થી વધુ ઈઝરાયેલ લોકોએ જીવ ગુમાવ્યો છે. ઉપરાંત આ યુદ્ધના કારણે અત્યાર સુધીમાં ૧૫ લાખ લોકોને સ્થળાંતર કરવાની ફરજ પડી છે. સંયુક્ત રાષ્ટ્રએ ટિપ્પણી કરી કે ગાઝા બાળકો માટે કબ્રસ્તાન બની રહ્યું છે.ઈઝરાયલી સૈન્યના પ્રવક્તા ડેનિયલ હગારીએ કહ્યું કે ગાઝા નોર્થ ગાઝા અને સાઉથ ગાઝા એમ બે ભાગમાં વિભાજિત થઈ ગયું છે. ઈઝરાયલે તેને યુદ્ધનો મહત્ત્વપૂર્ણ તબક્કો ગણાવ્યો છે. ઈઝરાયલી મીડિયા અનુસાર આગામી ૪૮ કલાકમાં ઈઝરાયલી સૈનિકો ગાઝા શહેરમાં પ્રવેશી શકે છે. બે દિવસ પહેલા નોર્થ ગાઝામાં જોરદાર બોમ્બમારો કરાયો હતો. ગાઝામાં ત્રીજી વખત કનેક્ટિવિટી બંધ કરી દેવામાં આવી હતી.

ઈઝરાયલ ડિફેન્સ ફોર્સે દાવો કર્યો છે કે, છેલ્લા ૨૪ કલાકમાં હમાસના ૪૫૦થી વધુ ઠેકાણાઓને ધ્વસ્ત કરી દીધા છે. જેમાં ટેરરિસ્ટ કેમ્પ, મિલિટ્રી કમ્પાઉન્ડ, ઓબ્ઝર્વેશન પોસ્ટ અને એન્ટી ટેક મિસાઈલ લોન્ચ પોસ્ટ સામેલ છે. ઈઝરાયલી સેનાએ હમાસના કેટલાક મિલિટ્રી કમ્પાઉન્ડ પર કબજો કરી લીધો છે, જ્યાં આતંકવાદીઓને ટ્રેનિંગ આપવામાં આવે છે.

### આ બધું ફોર્ચ્યુન બ્રાન્ડને કારણે થયું છે

# ઉદ્યોગપતિ ગૌતમ અદાણીના મુશ્કેલ દિવસો હજુ પૂરા થયા નથી

## જ્યારથી હિંડનબર્ગ રિસર્ચ રિપોર્ટ બહાર આવ્યો છે ત્યારથી ગૌતમ અદાણી અને તેમનું અદાણી ગ્રુપ મુશ્કેલીમાં છે

નવી દિલ્હી, તા.૭

૨૩ વર્ષ પહેલાં એટલે કે ૨૧મી સદીની શરૂઆતમાં કંઈક એવું બન્યું જેણે ગૌતમ અદાણીનું નસીબ સંપૂર્ણપણે બદલી નાખ્યું.

મુખ્ય ક્ષેત્રમાં કામ કરતું એક ઔદ્યોગિક ગૃહ સામાન્ય લોકોના ઘરનો એક ભાગ બની ગયું. તે કામે અદાણી જૂથને 'રાષ્ટ્રીય બ્રાન્ડ' બનાવ્યું અને ગૌતમ અદાણીને 'રાષ્ટ્રીય ઉદ્યોગસાહસિક' તરીકે ઓળખવામાં આવ્યા.

આ બધું ફોર્ચ્યુન બ્રાન્ડને કારણે થયું છે, જે હજુ પણ દેશમાં પેકેજ્ડ ઓઈલની માર્કેટ લીડર છે અને FMCG સેક્ટરની સૌથી મોટી બ્રાન્ડ્સમાંની એક છે.

ગૌતમ અદાણીનું નસીબ બદલી નાખનાર આ બ્રાન્ડ હવે વેચાવાના આરે છે. જ્યારથી હિંડનબર્ગ રિસર્ચ રિપોર્ટ બહાર આવ્યો છે ત્યારથી ગૌતમ અદાણી અને તેમનું અદાણી ગ્રુપ મુશ્કેલીમાં છે.

આમાંથી એક અદાણી ગ્રુપની લિસ્ટેડ કંપની અદાણી વિલ્મર છે, જે ફોર્ચ્યુન બ્રાન્ડની માલિક છે. આ કંપનીના શેરના ભાવ વધવાના કોઈ સંકેત દેખાઈ રહ્યા નથી. વર્ષ ૨૦૨૩ની શરૂઆતથી તેના શેરની કિંમતમાં ૪૮.૫૨%નો ઘટાડો થયો છે, જ્યારે છેલ્લા એક વર્ષમાં તેના શેરની કિંમતમાં ૫૪.૪૬%નો ઘટાડો થયો છે.

### દેશના મુખ્ય માહિતી કમિશનર તરીકે હીરાલાલ સામરિયા નિયુક્ત

# સીઆઈસીની નિમણૂંકમાં અંધારામાં રખાયો હોવાનો અધિર રંજનનો આક્ષેપ

## અધિર રંજને રાષ્ટ્રપતિને એક પત્ર લખ્યો છે કે માહિતી કમિશનરની પંસદગી વિશે ન તો કંઈ કહ્યું કે ન તો મારી સલાહ લેવામાં આવી

નવી દિલ્હી,તા.૭

દેશના મુખ્ય માહિતી કમિશનર તરીકે હીરાલાલ સામરિયા ને નિયુક્ત કરવામાં આવ્યા છે તેમણે ગઈકાલે કેન્દ્રિય માહિતી આયોગ (સીઆઈસી)ના વડા તરીકે શપથ લીધા હતા. જો કે તેમની નિમણૂકને લઈને પણ વિવાદ ઉભો થયો છે અને કોંગ્રેસના સાંસદએ નારાજગી વ્યક્ત કરતા રાષ્ટ્રપતિને પત્ર લખ્યો હતો અને જણાવ્યું હતું કે આ નિમણૂકને લઈને મને અંધારામાં રાખવામાં આવ્યો હતો.

દેશના રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુએ ગઈકાલે રાષ્ટ્રપતિ ભવનમાં એક સમારોહ દરમિયાન ૬૩ વર્ષીય હીરાલાલ સામરિયાને કેન્દ્રીય માહિતી આયોગના વડા તરીકે શપથ લેવડાવ્યા હતા. આ મહત્વપૂર્ણ પદ મેળવનારા હરીલાલ સામરિયા દલિત સમુદાયના પ્રથમ વ્યક્તિ છે જો કે તેની નિમણૂકને લઈને હવે વિવાદ ઉભો થયો છે. માહિત કમિશનરની નિમણૂક કરનાર સમિતિના સભ્ય અને કોંગ્રેસના સાંસદ અધીર રંજને ચૌધરીએ આ નિમણૂકને લઈને નારાજગી વ્યક્ત કરી છે અને તેમણે રાષ્ટ્રપતિને એક પત્ર લખ્યો છે કે માહિતી કમિશનરની પંસદગી વિશે ન તો કંઈ કહ્યું કે ન તો મારી સલાહ લેવામાં આવી. આ ઉપરાંત તેમણે કહ્યું હતું કે નિમણૂકને લઈને મને સંપૂર્ણપણે અંધારામાં રાખવામાં આવ્યો હતો.

અધીર રંજન ચૌધરીએ પોતાના પત્રમાં લખ્યું છે કે આ ખૂબ જ દુઃખની વાત છે. હું ભારે હૃદય સાથે લખી રહ્યો છું કે મુખ્ય માહિતી કમિશનરની નિમણૂક મામલે તમામ લોકતાંત્રિક ધોરણો, નિયમો તેમજ પ્રક્રિયાને બાજુ પર રાખવામાં આવી હતી.

આ સિવાય તેમણે કહ્યું કે સરકારે ન તો તેમની સલાહ લીધી અને ન તો પસંદગી અંગેની જાણ કરી.

ઉલ્લેખનીય છે કે માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ મુજબ CIC અને માહિતી કમિશનરોની નિમણૂક રાષ્ટ્રપતિ દ્વારા વડા પ્રધાનની અધ્યક્ષતામાં અને લોકસભામાં વિપક્ષના નેતાની બનેલી સમિતિની ભલામણ પર કરવામાં આવે છે. આ સમિતિમાં લોકસભામાં વિરોધ પક્ષના નેતા અને વડાપ્રધાન દ્વારા નામાંકિત કેન્દ્રીય મંત્રીનો સમાવેશ થાય છે.

### કેન્દ્ર સરકાર દ્વારા સ્કીમો માટે ફંડ ન જારી કરવા મુદ્દે પ્રહાર

# મારા નામ પર કોઈ સ્ટેડિયમ નથી, મને પ્રચારની જરૂર નથી : મમતા

## મમતા બેનર્જીએ કોઈનું નામ ન લીધું પરંતુ માનવામાં આવી રહ્યું છે કે, તેમણે પીએમ નરેન્દ્ર મોદી પર કટાક્ષ કર્યો

કોલકાતા,તા.૭

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ કેન્દ્ર સરકાર દ્વારા અનેક સ્કીમો માટે ફંડ ન જારી કરવા મુદ્દે ફરી એક વખત પ્રહાર કર્યો છે. તેમણે ભવાનીપુરમાં એક જનસભાને સંબોધિત કરતા કહ્યું કે, મને કોઈ પબ્લિસિટીની જરૂર નથી.

મમતા બેનર્જીએ કહ્યું કે, મારા નામ પર કોઈ સ્ટેડિયમ કે રોડ નથી. મમતા બેનર્જીએ કોઈનું નામ ન લીધું પરંતુ માનવામાં આવી રહ્યું છે કે, તેમણે પીએમ નરેન્દ્ર મોદી પર કટાક્ષ કર્યો છે.

તેમણે કહ્યું કે, ગરીબ લોકોને ૧૦૦ દિવસનાકામ બાદ પણ પેમેન્ટ નથી મળી રહ્યું. સીએમએ કહ્યું કે, અમને મનરેગા માટે ફંડ નથી મળી રહ્યું. પીએમ આવાસ અને સડક યોજના માટે પણ કેન્દ્ર સરકાર તરફથી ફંડ અટકેલુ છે.

દુર્ગા પૂજાના એક આયોજનમાં તેમણે કહ્યું કે, અમે સદ્ભાવ અને ધાર્મિક એકતાનો સંદેશ આપી રહ્યા છે. અમે વિભાજનકારી રાજનીતિ નથી કરતા. અહીં કોઈ સાથે પણ ધર્મના આધાર પર ભેદભાવ નથી થતો અને બધાને સાથે લઈને ચાલીએ છીએ.

સમગ્ર વિશ્વ વૈશ્વિક ગ્રામ છે. હું મારી જન્મભૂમિને પ્રેમ કરું છું. એટલા માટે હું મોટા ભાગે મૌન રહું છું અને કોઈ પણ નેતા પર અંગત પ્રહાર નથી કરતી. તેમણે કહ્યું કે, આ ધરતી તો સંસ્કૃતિ, એકતા અને સદ્ભાવની છે.

આ એ જ ધરતી છે જ્યાંથી આઝાદીનો સંઘર્ષ શરૂ થયો હતો. સીએમએ કહ્યું કે, દેશની આઝાદીના સંઘર્ષમાં બંગાળી અને સીખ સમુદાયે પોતાનું સર્વશ્રેષ્ઠ બલિદાન આપ્યુ હતું.

લોકસભા ચૂંટણી ૨૦૨૪ પહેલા બંગાળમાં ટીએમસીમુશ્કેલીનો સામનો કરી રહી છે. એક બાજુ રાશન કૌભાંડના આરોપમાં જ્યોતિપ્રિય મલિકને ઈડીએ અરેસ્ટ કરી લીધા છે તો બીજી તરફ મહુઆ મોઈત્રા વિરુદ્ધ સંસદીય સમિતિ તપાસ કરી રહી છે તેમના પર પૈસા લઈને સવાલ પૂછવાનો આરોપ લાગ્યો છે. આ ઉપરાંત મમતા બેનર્જીના ભત્રીજા એભિષેક બેનર્જી વિરુદ્ધ પણ ઈડીની તપાસ ચાલી રહી છે અને તેમની પૂછપરછ પણ કરવામાં આવી ચૂકી છે.

આ ઉપરાંત બીજા પણ કેટલાક મંત્રીની ધરપકડ થઈ ચૂકી છે. આવી સ્થિતિમાં ભ્રષ્ટાચારના મામલે ઘેરાયેલી TMC શું રણનીતિ અપનાવશે તો જાવા જેવું હશે.

### દિલ્હી અને એનસીઆર સહિત ઉત્તર ભારતમાં ભૂકંપના આંચકા

# દિલ્હી-એનસીઆરમાં ૫.૬ની તીવ્રતાના આંચકાથી લોકોમાં ભારે ગભરાટ

## દિલ્હી, એનસીઆર સહિત ઉત્તર ભારતના મોટાભાગમાં ત્રણ દિવસમાં બીજીવાર ભૂકંપના આંચકા લાગ્યા

નવી દિલ્હી, તા.૭

દિલ્હી અને એનસીઆર સહિત સમગ્ર ઉત્તર ભારતમાં ભૂકંપના આંચકા આવ્યા છે. દિલ્હી-એનસીઆરમાં તેની તીવ્રતા ૫.૬ની માપવામાં આવી હતી.

આ ઉપરાંત હરિયાણા, પંજાબ, ઉત્તરાખંડ, ઉત્તર પ્રદેશ અને બિહારમાં પણ ભૂકંપના આંચકા લાગ્યા હતા. દિલ્હી, એનસીઆર સહિત ઉત્તર ભારતના મોટા ભાગમાં ત્રણ દિવસમાં બીજીવાર ભૂકંપના આંચકા લાગ્યા હતા. તેથી લોકો ગભરાઈ ગયા હતા અને ઘરોમાંથી બહાર નીકળી ગયા હતા. ભૂકંપનું કેન્દ્ર નેપાળમાં હોવાનું જાણવા મળ્યું છે.

આ પૂર્વે શુક્રવારે રાત્રે નેપાળમાં આવેલા તીવ્ર ભૂકંપને લીધે ઉત્તર ભારતના વિશાળ વિસ્તારોમાં પણ ધરતી ધ્રુજી હતી. નેપાળમાં ૪.૧૬ મીનીટે, ૫.૬ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો જેનું કેન્દ્ર અયોધ્યાથી ૨૩૩ કિ.મી. ઉત્તરમાં, નેપાળમાં હોવાનું જાણવા મળ્યું હતું. તે કેન્દ્ર જમીનની નીચે ૧૦ કિ.મી. સુધી ઊંડું હતું. આ ભૂકંપ પછી ઘણા આફટર-શોક્સ પણ આવ્યા હતા.

આજના આ ભૂકંપની તીવ્રતા પણ ૫.૬ જેટલી હતી. જો કે હજી સુધી તેથી જાનમાલનું નુકસાન થયું હોવાનું જાણવા મળ્યું નથી. દિલ્હી-એનસીઆરમાં ઊંચી ઈમારતો ઉપર આંચકા વધુ લાગ્યા હતા. બપોરનો સમય હોવાથી લોકો કામકાજમાં વ્યસ્ત હતા. ઓફિસોમાં પણ કામ ચાલતું હતું. ત્યાં આંચકા આવવા શરૂ થતાં લોકો દાદર દ્વારા નીચે ઉતરી ગયા હતા.

ઓફિસોની બહાર કર્મચારીઓની ભીડ લાગી હતી. ત્રણ જ દિવસમાં બે વખત આંચકા લાગ્યા તેથી લોકોમાં ભય વ્યાપી રહ્યો છે.

ઘણા લોકોએ ઘરમાં પંખા અને લાઈટ હલતા હતા, તે મોબાઈલ કેમેરામાં કેદ કરી લીધા હતા, પછી એક બીજા સાથે, પોતાના વિડીયો પણ શેર કર્યા હતા.

# અમરેલીના ગજેરા સ્કૂલના રાઇફલ શુટિંગમાં સિદ્ધિ મેળવેલ વિદ્યાર્થીઓનું કલેકટરનાં હસ્તે સન્માન






ડો. જીવરાજ મહેતા સંસ્થાપિત અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત શ્રીમતી એસ.એચ. ગજેરા જિલ્લા કક્ષા સ્પોટ્ર્સ સ્કૂલના વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યા. આજરોજ વિદ્યાસભા કેમ્પસ ખાતે અમરેલી જિલ્લા કલેકટર અજય દહિયા તથા પ્રાંત અધિકારી વિરેન્દ્ર દેસાઈના વરદ હસ્તે શુટિંગ સ્પર્ધામાં નેશનલ લેવલે પાર્ટીશિપેટ થઈ મેડલ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓ વાળા રોશનબા, ધનવાણીયા પ્રણવ, લકુમ કાજલ, નકુમ માર્ગી, ગામી વનિતાને સન્માનિત કરી શુભેચ્છા પાઠવી હતી. તેમજ કલેકટર સાહેબએ વિદ્યાર્થીઓને રમત–ગમત ક્ષેત્રે આગળ વધી ભવિષ્યમાં આંતરાષ્ટ્રીય કક્ષા સુધી પહોંચે અને પોતાની રમતમાં શ્રેષ્ઠ દેખાવ કરી દેશનું ગૌરવ વધારવા હરહંમેશ પ્રતિબદ્ધ રહો તેવી શુભ કામના આપી. સંસ્થામાં સ્પોટ્ર્સ, ટેકનલોજી યુકત શિક્ષણ તેમજ અત્યાધુનિક ઈન્ફ્રાસ્ટ્રકચરની સુવિધાઓ રૂબરૂ નિહાળી સંસ્થા મેનેજમેન્ટ વિદ્યાર્થીઓ નવા સર્વાંગી વિકાસ માટે સમગ્ર જિલ્લો તેમજ આજુબાજુના વિસ્તારના વિદ્યાર્થીઓને મળતી સુવિધાઓ વિશે જાણી આનંદની લાગણી અનુભવી હતી અને વિદ્યાર્થીઓ સ્પોટ્ર્સ અને અભ્યાસમાં ખૂબ આગળ વધે તેવી આજ્ઞા વ્યકત કરી હતી. સંસ્થામાં આ તકે સંસ્થાના મંત્રી મનસુખભાઈ ધાનાણી, મંત્રી ચતુરભાઈ ખુંટ અને ડાયરેકટર વસંતભાઈ પેથાણી તેમજ કોચ પુલ્કીતાબેન નિમ્બાવલ તથા સ્ટાફગણ ખાસ ઉપસ્થિત રહયા હતા. તેમજ પ્રમુખ વસંતભાઈ રમત–ગમતમાં વિજેતા થયેલ વિદ્યાર્થીઓને શુભકામના આપી હતી.

### રાજ્યમાં શ્રમિક અન્નપૂર્ણા યોજનાનો વ્યાપ વધારાશે

## ૧૦ નવેમ્બરે ૧૭ જિલ્લામાં ભોજન વિતરણ કેન્દ્રનો પ્રારંભ થશે

અમદાવાદ, તા.૭

આગામી તા. ૧૦મી નવેમ્બરે ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડની શ્રમિક અન્નપૂર્ણા યોજના હેઠળ અમદાવાદમાં ૪૯, સુરતમાં ૨૨, ગાંધીનગરમાં ૮, વડોદરામાં ૯, ભાવનગરમાં ૨, જામનગરમાં ૧૦, ભરૂચમાં ૩, મહેસાણા અને રાજકોટમાં ૫-૫, ખેડા, આણંદ, વલસાડ અને સાબરકાંઠામાં ૪-૪, પાટણ અને બનાસકાંઠામાં ૭-૭, નવસારી અને મોરબીમાં ૬-૬ કડીયાનાકા મળી કુલ ૧૭ જિલ્લામાં નવા ૧૫૫ ભોજન વિતરણ કેન્દ્રોનો શુભારંભ થશે, જેનો દરરોજ ૭૫ હજારથી વધુ શ્રમિકોને લાભ મળશે.

રાજ્યમાં અત્યારે ૧૦ જિલ્લાના કુલ ૧૧૮ કડીયાનાકા ખાતે ભોજન વિતરણ કેન્દ્રો કાર્યરત છે. છેલ્લા એક વર્ષમાં આ ભોજન વિતરણ કેન્દ્રો ખાતેથી ૫૫ લાખથી પણ વધારે ભોજન વિતરણ થયું છે. અહીંથી સરેરાશે દરરોજ ૨૭હજાર કરતાં વધારે ભોજન વિતરણ થાય છે. જે માટે વર્ષ ૨૦૨૨-૨૩અને ૨૦૨૩-૨૪માં કુલ રૂ. ૨૫૦૨ લાખ કરતાં વધારેનો ખર્ચ થયો છે. ત્યારે હવે નવા ૧૫૫ ભોજન વિતરણ કેન્દ્રોનો શુભારંભ થતા રાજ્યમાં કુલ ૨૭૩ કડીયાનાકાઓ ખાતેથી શ્રમિક પરિવારને પાંચ રૂપિયામાં પૌષ્ટિક ભોજનનો લાભ મળશે. રાજ્ય સરકારની વિવિધ યોજનાઓનો લાભ ઝડપી પહોંચાડવા માટે રાજ્ય સરકાર દ્વારા ૬.૯૪ લાખ બાંધકામ શ્રમિકોને ઈ-નિર્માણ કાર્ડ આપવામાં આવ્યા છે, જેમાં આરોગ્ય, રહેઠાણ, શિક્ષણ, પરિવહન તથા સામાજિક સુરક્ષા સંબંધિત ૧૭ યોજનાઓ કાર્યરત છે. શ્રમિક અન્નપૂર્ણા યોજનાનો લાભ પણ ઈ-નિર્માણ કાર્ડ ધારક શ્રમિકોને આપવામાં આવે છે. ભોજન વિતરણ કેન્દ્રો ખાતે શ્રમિકના ઈ-નિર્માણ કાર્ડ ઉપર દર્શાવેલા ઈ-નિર્માણ નંબર અથવા ક્યુ.આર. કોડ સ્કેન કરી ભોજન આપવામ આવે છે. ત્યાં શ્રમિકને એક સમયનું ભોજન વધુમાં વધુ ૬ વ્યક્તિની મર્યાદામાં આપવામાં આવે છે.જે લાભાર્થીઓ પાસે ઈ-નિર્માણ કાર્ડ ના હોય, તેવા બાંધકામ શ્રમિકોની બુથ પર જ હંગામી નોંધણી થાય છે અને તેના આધારે ૧૫ દિવસ સુધી ભોજન આપવામાં આવે છે. ત્યારબાદ ઈ-નિર્માણ કાર્ડ ઈશ્યુ થયેથી તે કાર્ડના આધારે શ્રમિક ભોજન મેળવી શકે છે. શ્રમિક અન્નપૂર્ણા યોજના અંતર્ગત શ્રમિક તથા તેના પરિવારને માત્ર પાંચ રૂપિયામાં રોટલી, શાક, કઠોળ, ભાત, અથાણુ, મરચા અને ગોળ સહિતનું પૌષ્ટિક ભોજન આપવામાં આવે છે. વધુમાં સપ્તાહમાં એક વાર સુખડી જેવા મિષ્ટાન્નનો પણ સમાવેશ કરવામાં આવે છે.

### દિલ્હી-એનસીઆરમાં દિવસેને દિવસે હવા વધુ ઝેરીલી બનતી જાય છે

## ઓડ-ઈવનનો નિયમ અવૈજ્ઞાનિક, પ્રદૂષણ રોકવા કડક પગલાં લો : સુપ્રીમ

નવી દિલ્હી,તા.૭

દિલ્હી-એનસીઆરમાં દિવસેને દિવસે હવા વધુ ઝેરીલી બનતી જાય છે જેને લઈ આજે સુપ્રીમ કોર્ટે સરકારની ઝાટકણી કાઢી હતી. સુપ્રીમ કોર્ટે આકરી ટિપ્પણી કરતા કહ્યું કે, પ્રદૂષણ રોકવા માટે રાજ્ય સરકારો કડક પગલાં ભરે, નહીં તો અમે બુલડોઝર શરૂ કર્યું તો પછી અમે અટકીશું નહીં. આ સિવાય સુપ્રીમ કોર્ટે કહ્યું કે, ઓડ-ઈવનનો નિયમ અવૈજ્ઞાનિક છે. સ્મોક ટાવર કેમ બંધ? પરાળીથી ખાતરનું શું થયું? પંજાબમાં કેમ સળગી રહી છે પરાળી? પંજાબમાં ધાનની ખેતીનો વિકલ્પ શોધવામાં આવે. લોકોને મરતા ન જોઈ શકીએ.સુપ્રીમ કોર્ટના જજ કૌલએ આ પ્રકારની કડક ટીપ્પણી કરતા કહ્યું કે, જો તે બુલડોઝર કર્યવાહી કરશે તો ૧૫ દિવસ સુધી બંધ નહીં કરે. અમે ઈચ્છીએ છીએ કે દિવાળીની રજાઓ પહેલા તમામ સત્તા પક્ષકારો એક બેઠક યોજે અને નિવારણ માટે કાર્ય કરે. અમે આ સમસ્યાનો તાત્કાલિક ઉકેલ ઈચ્છીએ છીએ. કોર્ટે કહ્યું કે, દિલ્હીમાં બસોના કારણે થતા પ્રદૂષણની ટકાવારી પણ ઘણી વધી ગઈ છે.સુપ્રિમ કોર્ટે પંજાબને પણ કડક શબ્દોમાં કહ્યું હતું કે, પરાળી સળગાવવાની ઘટનાઓના કારણે આ પ્રદૂષણ વધી રહ્યું છે. જસ્ટિસ કૌલે કહ્યું કે, આ પ્રદૂષણથી દિલ્હીમાં કેટલા બાળકો સ્વાસ્થ્ય સમસ્યાઓથી પીડાઈ છે. જસ્ટિસ કૌલેએ કહ્યું કે, મને ફરક નથી પડતો કે તમે કેવી રીતે કરશો પણ આ પરિસ્થીતી અટકવી જોઈએ. પ્રદૂષણ રાજકીય મુદ્દો બને તે યોગ્ય નથી.

### બિહારમાં જાતિ-જન-ગણના પર હજુ પણ રાજકારણ

## બિહારમાં જાતિ-જન-ગણનામાં ભારે ગરબડ થઈ : અમિત શાહ

### બિહારના ઉપ મુખ્યમંત્રી અને લાલુપ્રસાદ યાદવના પુત્ર તેજસ્વી યાદવ અમિત શાહના નિવેદન પર ભડકી ઉઠયા

મુઝફ્ફરનગર,તા.૭

બિહારમાં જાતિ-જન-ગણના પર હજીએ રાજકારણ ખેલાઈ રહ્યું છે. રવિવારે સાંજે મુઝફ્ફરનગર જિલ્લામાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જાતિ-જન-ગણનામાં ભારે ગડબડ થઈ હોવાની વાત કરી, અને નીતીશકુમાર સરકાર પર હુમલો કર્યો.

તેઓએ કહ્યું કે તેઓ લાલુપ્રસાદ યાદવનાં દબાણમાં ઝુકી જઈ તુષ્ટીકરણ તરફ વળી રહ્યાં છે. આ અંગે બિહારના ઉપ મુખ્યમંત્રી તેજસ્વી યાદવે ઉગ્ર પ્રતિભાવો આપ્યા હતા.

વાસ્તવમાં અમિત શાહે કહ્યું હતું કે બિહારમાં જાતિ-જન-ગણનામાં જાણી જોઈને મુસ્લીમો અને યાદવોની વસ્તી વધારે દેખાડવાનો પ્રયત્ન કરાયો છે. આ સાથે તે રેલીમાં કરેલા સંબોધનમાં કહ્યું હતું કે નીતીશકુમાર પોતાના સાથી લાલુપ્રસાદના દબાણમાં આવી ઝૂકી ગયા હતા.

લાલુપ્રસાદ યાદવની પાર્ટી રાષ્ટ્રીય જનતા દળ મુખ્યતઃ મુસ્લીમ મતદાતાઓ પર જ વિશ્વાસ રાખે છે. બિહારના ઉપ મુખ્યમંત્રી અને લાલુપ્રસાદ યાદવના પુત્ર તેજસ્વી યાદવ તેથી ભડકી ઉઠયા. તેમણે કહ્યું કે 'જો બિહારના તે વિષેના આંકડા ખોટા હોય તો કેન્દ્ર સરકાર સમગ્ર દેશના અને તમામ રાજ્યોના જન-જાતિ-ગણનાના આંકડા જાહેર કેમ નથી કરતા?' ભાજપ શાસિત રાજ્યોમાં ભાજપ જાતિગત ગણના શું કામ નથી કરાવતી ?

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આક્ષેપ કર્યો હતો કે મુસ્લીમ અને યાદવ સમુદાયની વસ્તીને વધારે દર્શાવી અતિ પછાત અને પછાત વર્ગો સાથે અન્યાય કરવાનું કામ કર્યું છે. આ સર્વેક્ષણ (બિહારનું સર્વેક્ષણ) એક છેતરપિંડી જ છે.

એક સમયે અમે તેઓને (નીતીશને) સમર્થન પણ આપ્યું હતું ત્યારે અમોને ખ્યાલ ન હતો કે લાલુજીના દબાણમાં આવીને યાદવ અને મુસ્લીમોની સંખ્યા વધુ પડતી દર્શાવી પછાત વર્ગો સાથે અન્યાય કરવાનું કામ કરાશે.

### ગાંધીનગરમાં મળેલી બેઠકમાં લેવાયો નિર્ણય

## એસટીના ફિક્સ પગારના કર્મચારી ઓને ૩૦% પગાર વધારો મળશે

### આ નિર્ણયથી ૭ હજારથી વધુ કર્મચારીઓને લાભ થશે

ગાંધીનગર, તા.૭

રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલએ કર્મચારીઓ પ્રત્યે હરહંમેશથી હકારાત્મક અભિગમ દાખવ્યો હોવાનું જણાવી વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવીએ કહ્યુ કે, તાજેતરમાં જ રાજ્યના ફિક્સ પગારના કર્મચારીઓના પગારમાં ૩૦ ટકા જેટલો વધારો કરવાનો નિર્ણય કર્યો હતો. ત્યારે આજે ગુજરાત એસ.ટી નિગમના ફિક્સ પગારના કર્મચારીઓને પણ હવે આ લાભ આપવા સંદર્ભે મહત્વપુર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે.

આ નિર્ણયથી ૭ હજારથી વધુ કર્મચારીઓને લાભ થશે. આ મહત્વપૂર્ણ જાહેરાત કરતા વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, વાર-તહેવાર ભૂલીને રાજ્યના ૨૫ લાખથી વધુ પરિવારોને યાતાયાતની સુવિધા પુરી પાડવાનું ઉત્તમ કાર્ય કરી રહેલા ગુજરાત એસટી વિભાગના સૌ કર્મચારીઓ અભિનંદનને પાત્ર છે. તાજેતરમાં જ એસ.ટી યુનિયન સાથે બેઠક કરીને વિવિધ પ્રશ્નો અંગે વિસ્તારપૂર્વક ચર્ચા કરી મોટા ભાગના પ્રશ્નોના નિરાકરણ લાવવામાં આવ્યા હતા. એસ.ટી.વિભાગનાં વિવિધ યુનિયન અને વાહન વ્યવહાર મંત્રી વચ્ચે બેઠક યોજાઈ આજે એસ.ટી વિભાગના વિવિધ યુનિયન અને વાહન વ્યવહાર મંત્રી વચ્ચે બેઠક યોજાઇ હતી. જેમાં સૌ યુનિયનના હોદ્દેદારો તેમજ નિગમમાં ફરજ બજાવતા ફિક્સ પગારના કર્મચારીઓ ઉપરાંત એસ.ટી નિગમના અધિકારીઓ જોડાયા હતા. આ નિર્ણયને આવકારીને એસ.ટી નિગમના વિવિધ યુનિયનના હોદ્દેદારો તેમજ કર્મચારીઓ દ્વારા વાહન વ્યવહાર મંત્રીનું અભિવાદન કરી સન્માન કરવામાં આવ્યુ હતું.

### સતત ત્રણ દિવસની તેજી બાદ બજારમાં સુસ્તી

## સેન્સેક્સમાં ૧૬ અને નિફ્ટીમાં ૫ પોઈન્ટનો ઘટાડો નોંધાયો

મુંબઈ,તા.૭

સતત ત્રણ દિવસ સુધી શેર બજારમાં ઉછાળો આવ્યા બાદ આજે માર્કેટમાં સુસ્ત કારોબાર રહ્યાં હતા, આજે ચોથા દિવસે શેરબજાર થોડી ધીમી ચાલ જોવા મળી હતી, બન્ને મોટા ઈન્ડેક્સ સેન્સેક્સ અને નિફ્ટી મિશ્ર કારોબાર સાથે ખુલ્યા હતા, અને બંધ પણ નીચા લેવલ પર થયા હતા. કારોબારી દિવસના અંતે શેર બજારમાં બીએસઇ ઈન્ડેક્સ સેન્સેક્સ ૦.૦૩ ટકાના ઘટાડા સાથે ૧૬.૨૯ પૉઈન્ટ ડાઉન રહ્યો અને ૬૪,૯૪૨.૪૦ના સ્તરે બંધ રહ્યો હતો.

આની સાથે એનએસઈ ઈન્ડેક્સ નિફ્ટીમાં પણ ઘટાડો આવ્યો હતો, દિવસના અંતે નિફ્ટી ૦.૦૩ ટકાના ઘટાડા સાથે ૫.૦૫ પૉઈન્ટ ઘટ્યો અને ૧૯,૪૦૬.૭૦ના સ્તરે બંધ રહ્યો હતો. ત્રણ દિવસના સતત ઉછાળા પછી ભારતીય શેરબજાર મંગળવારે ૭ નવેમ્બરના રોજ નજીવા ઘટાડા સાથે બંધ થયું. પરંતુ આ ઘટાડા છતાં બેક્કિંગ અને ફાર્મા શેરોમાં જોરદાર ખરીદારી જોવા મળી રહી છે. મિડ કેપ અને સ્મોલ કેપ શેરોમાં આજે પણ ખરીદી ચાલુ રહી હતી. આજના કારોબારના અંતે બીએસઈસેન્સેક્સ ૧૬ પોઈન્ટના મામૂલી ઘટાડા સાથે ૬૪,૯૪૨ પોઈન્ટ અને નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ૫ પોઈન્ટના ઘટાડા સાથે ૧૯,૪૦૬ પોઈન્ટ પર બંધ રહ્યો હતો.

આજના કારોબારમાં બેક્કિંગ, ફાર્મા, એફએનસીજી, મેટલ્સ, એનર્જી, હેલ્થકેર, ઓઈલ અને ગેસ સેક્ટરના શેરમાં ખરીદી હતી.

### પ્રલય મિસાઈલ ડીઆરડીઓ દ્વારા વિકસિત કરવામાં આવી છે

## ભારત દ્વારા જમીનથી જમીન પર પ્રહાર કરતી બેલેસ્ટિક મિસાઈલ પ્રલયનું સફળ પરીક્ષણ

નવી દિલ્હી,તા.૭

ભારતે આજે જમીનથી જમીન પર પ્રહાર કરતી બેલેસ્ટિક મિસાઈલ પ્રલયનું સફળ પરીક્ષણ કરી લીધુ છે. રક્ષા અધિકારીઓએ જણાવ્યું કે, આ પરીક્ષણ ઓડિશા તટ પર અબ્દુલ કલામ દ્વીપ પરથી કરવામાં આવ્યુ છે. આ પ્રલય મિસાઈલ ડીઆરડીઓદ્વારા વિકસિત કરવામાં આવી છે.

અધિકારીઓએ જણાવ્યું કે, આ પરીક્ષણ સવારે ૯:૫૦ વાગ્યે કરવામાં આવ્યુ અને તેણે તેના તમામ ઉદ્દેશ્યો પૂરા કરી લીધા છે. ટ્રેકિંગ ઉપકરણોથી મિસાઈલની ટ્રેજેક્ટરીનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. પ્રલય મિસાઈલની રેન્જ ૩૫૦-૫૦૦ કિલોમીટર છે અને તે ૫૦૦-૧૦૦૦ કિલોગ્રામ પેલોડ લઈ જવામાં સક્ષમ છે. પ્રલય મિસાઈલને એલએસીઅને એલઓસીપર તૈનાત કરવા માટે વિકસાવવામાં આવી છે. રક્ષા અધિકારીઓનું કહેવું છે કે, ચીનની ડોંગ ફેંગ ૧૨ અને રશિયાની ઈસ્કેન્ડર મિસાઈલોની તુલના ભારતની પ્રલય મિસાઈલ સાથે થઈ શકે છે. યુક્રેન યુદ્ધમાં રશિયાએ ઈસ્કેન્ડર મિસાઈલનો મોટાપાયે ઉપયોગ કર્યો છે. પાકિસ્તાન પાસે પણ આ રેન્જની બેલેસ્ટિક મિસાઈલો છે. ૨૨ ડિસેમ્બર ૨૦૨૧ના રોજ ડીઆરડીઓએ અબ્દુલ કલામ દ્વિપથી પ્રલયનું પ્રથમ પરીક્ષણ કર્યું હતું. મિસાઈલને ઉચ્ચ સ્તરની સટીકતા, માન્ય નિયંત્રણ, માર્ગદર્શન પ્રણાલી અને મિશન એલ્ગોરિદમ સાથે ૪૦૦ કિમી પર નિર્ધારિત લક્ષ્ય સુધી પહોંચવા માટે અર્ધ બેલેસ્ટિક પથને ફોલો કર્યો હતો. ૨૩ ડિસેમ્બર ૨૦૨૧ના રોજ ડીઆરડીઓએ અબ્દુલ કલામ દ્વીપથી પ્રલયનું વધુ એક પરીક્ષણ કર્યું હતું. હથિયારોની ઘાતકતા અને સટીકતાની તપાસ માટે ભારી પેલોડનો ઉપયોગ કરીને પરીક્ષણ કરવામાં આવ્યુ હતું.

# વડિયા–કુંકાવાવ વિસ્તારમાં નાયબ દંડક કૌશિક વેકરિયાની સાદગીએ સૌને પ્રભાવિત કર્યા





તસ્વીર : જીતેશગીરી ગોસાઈ–વડીયા

વડિયા તાલુકાના સનાળી ગામે લોક સંપર્ક કાર્યકમ યોજાયો હતો. જેમા ગુજરાત રાજયના નાયબમુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાની સાદગી નજરે પડી હતી લાઈનમાં પોતે થાળી લઈને ઉભા રહ્યા હતા બધા કાર્યકર્તાઓ સાથે જાતે જમણવારની થાળી લઈને બેઠા,ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક અને વડિયા કુંકાવાવ અમરેલીના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા અને સાંસદ નારણભાઈ કાછડીયા વડિયા કુંકાવાવ વિસ્તારમાં લોકો સંપર્ક કાર્યકમ યોજાયો હતો જેમાં અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ રાજેશભાઈ કાબરીયા જીલ્લા ભાજપ મહામંત્રી મેહુલભાઈ ધોરાજીયા તાલુકા ભાજપ મહામંત્રી શૈલેષભાઈ ઠુંમર તાલુકા પંચાયત પ્રમુખ પરસોતમભાઈ હીરપરા તાલુકા પંચાયત કારોબારી ચેરમેન તુષારભાઈ ગણાત્રા છગનભાઈ ઢોલરીયા સનાળી સરપંચ ગીરીશભાઈ પ્રકાશભાઈ મોવલીયા સહિતના ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા સમગ્ર કાર્યક્રમ બાદ રાત્રીના સમયે ભોજન કરાવ્યું હતું અને ગ્રામ્ય વિસ્તારના લોકો પ્રશ્નો સાંભળ્યા હતા.

# અમરેલી જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર અજય દહિયાના અધ્યક્ષસ્થાને યુવા મતદાર જાગૃતિ કાર્યક્રમ યોજાયો






ભારતના ચૂંટણી પંચદ્વારા તા.૦૧.૦૧.૨૦૨૪ની લાયકાતનીતારીખના સંદર્ભમાં મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ–૨૦૨૪ જાહેર કરવામાં આવ્યો છે, જેનો સમયગાળો તા. ૨૭.૧૦.૨૦૨૩ (શુક્રવાર) થી તા. ૦૯.૧૨.૨૦૨૩ (શનિવાર) નક્કી કરવામાં આવ્યો છે. આ ઝુંબેશ અંતર્ગત તા. ૦૧.૦૧.૨૦૨૪ ની સ્થિતિએ લાયકાત ધરાવતા ભારતના નાગરિકો મતદારયાદીમાં પોતાના નામની નોંધણી કરાવી શકશે તેમજ મતદારયાદીમાં નામ ધરાવતા મતદારો પોતાની વિગતોમાં સુધારા કરાવી શકશે. આ ઝુંબેશના ભાગરૂપે અમરેલી શહેરમાં વિધાસભા કેમ્પમાં આવેલી નર્સિંગ કોલેજ ખાતે જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેકટર, અજય દહિયાના અધ્યક્ષ સ્થાને 'યુવા મતદાર જાગૃતિ' કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં પ્રથમ વખત મતદાન કરનારા યુવાનોને ચૂંટણીપંચના જાગૃતિ કાર્યક્રમ અંગે સમજ આપવામાં આવી હતી.

આ પ્રસંગે જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેકટર અજય દહિયાએ, યુવાનોને મતદાર તરીકે પોતાની નોંધણી કરાવવા અનુરોધ કર્યો હતો. તેમણે જણાવ્યુ હતુ કે, તા. ૦૧.૦૧.૨૦૨૪ની સ્થિતિએ ૧૮ વર્ષ પૂર્ણ કરનાર ભારતના તમામ યુવક–યુવતીઓ ફોર્મ નં.૦૬ નો ઉપયોગ કરી મતદાર તરીકે પોતાની નોંધણી કરી શકે છે, આ ફોર્મ જે–તે વિસ્તારના નજીકના બુથ લેવલ અધિકારી (BLO) પાસેથી મળી શકશે. યુવાનો ડિજિટલ પ્લેટફોર્મનો ઉપયોગ કરી અને વોટર્સ એપ્લિકેશન પરથી પણ આ નોંધણી કરાવી શકે છે. આ નોંધણી સફળતાપૂર્ક થયા બાદ ફોટો મતદાર યાદી પ્રસિદ્ધ થશે અને ત્યારબાદ ઘરના સરનામા પર તમારૂં મતદાર કાર્ડ પહોંચશે. આ પ્રસંગે જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેકટરએ દરેક યુવક–યુવતીઓને મતદાર જાગૃતિ અભિયાનના એમ્બેસેડર બનવાની અપીલ કરી હતી. તેમણે જણાવ્યુ હતુ કે યુવાનોએ પોતાના મિત્રો, પરિવાર, વર્તુળમાં સૌને મતદાર તરીકે નોંધણી કરાવવા જાગૃતિ પ્રસરાવવી જોઈએ. આ કાર્યક્રમમાં સ્થળ પર જ મતદાર નોંધણી કાઉન્ટર રાખવામાં આવ્યું હતું અને યુવાન મતદારોની નોંધણી કરવામાં આવી હતી. કાર્યક્રમના અંતે સૌએ ચૂંટણી પંચ દ્વારા તૈયાર કરવામાં આવેલી મતદાર શપથ લીધી હતી. મતદાર તરીકે નોંધણી કરાવવા માટે જરૂરી પુરાવાઓ : જે યુવક– યુવતીઓ પોતાનું નામ મતદાર તરીકે નોંધાવવા માંગે છે તે, તા. ૦૧.૦૧.૨૦૨૪ ની સ્થિતિએ ૧૮ વર્ષ પૂર્ણ કરતા હશે તો પણ પોતાનું નામ નોંધાવી શકે છે. તેના માટે જન્મનો દાખલો અથવા શાળા છોડયાનું પ્રમાણપત્ર, રહેણાંકનો પુરાવો, ઘરના કોઈ એક સભ્યનું મતદાર કાર્ડ લઈ અને ફોર્મ નં.૦૬ ભરી નોંધણી કરાવી શકે છે. આ તમામ પ્રક્રિયા ભારતના ચૂંટણીપંચ દ્વારા નિયત કરવામાં આવેલ વિવિધ પ્લેટફોર્મ મારફત ઓનલાઈન પણ ઉપલબ્ધ છે, જેવી કે Voter Helpline Mobile App (Android/iOS), https:// voterportal.eci. gov.in/BLO App, BLO મારફત વધુ માહિતી માટે મતદારો ભારતના ચૂંટણીપંચના મતદાર હેલ્પલાઈન નંબરટોલ ફ્રી ૧૯૫૦ પર સંપર્ક કરી માર્ગદર્શન મેળવી શકાશે. આ કાર્યક્રમમાં પ્રાંત અધિકારી અમરેલી, સંસ્થાના સંચાલક ચતુરભાઈ ખૂંટ, વસંતભાઈ, સહાયક ચૂંટણી અધિકારીઓ તેમજ બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## પાના ૮ ઉપરનું ચાલું હવે, ભેળસેળીયાઓની ખેર નથી

થવાની ઘટનાએ ભાજપા સરકારના ભ્રષ્ટાચારના બેનમૂન ઓળખ છે. શાળાઓના ઓરડાઓનું બાંધકામ ગુણવત્તા વિનાનું તો જવાબદાર કોણ ? એક જગ્યાએ મંત્રીએ ચકાસણી કરતાં હકિકત સામે આવી અન્ય શાળાઓનું શું ? બાંધકામ થયું હોય તેના સુપરવિઝન અને ચકાસવાની જવાબદારી કોની ? નવા નિર્માણ પામનારા બ્રીજમાં પણ આ પ્રકારની સ્થિતિ છતાં આજદિન સુધી નક્કર પગલા કેમ ભરાતા નથી ? ઓવર કોસ્ટીંગ ટેન્ડર આપવાનું અને ચૂંટણી ફંડ કમલમ પહોંચે,આ ગોઠવણ ના લીધે જનતાના ટેક્ષના નાણાં બારોબાર સગેવગે થઈ રહ્યા છે. ગુજરાતના જાહેર બાંધકામમાં મોટાપાયે ભ્રષ્ટાચારના કારણે ગુણવત્તા રહેતી નથી. બાંધકામમાં અનેક પ્રકારની ગેરરીતિઓ આવે છે સામે છતાં સરકાર વારંવાર સબસલામતના દાવા કરી રહી છે. ભ્રષ્ટાચારના આરોપમાં કોઈ એક પણવ્યક્તિને પકડવામાં આવ્યો નથી અને જે પકડાય છે તે નાની માછલીઓ રજુ કરાય છે.મગરમચ્છો માલામાલ થઈ ભાજપ સાથેની ગોઠવણથી જનતાના નાણાંની સીસ્ટમ લૂંટ લાંબા સમયથી ચાલી રહી છે.

હવાથી લઈ પાણી, મેવાથી લઈ મેડીસીન સુધી અશુધ્ધ અને હાનિકારક પદાર્થ બેફામ પણે વેચાણ કરવામાં આવે તે ખુબ ચિંતાનું કારણ છે.ભેળસેળ યુક્ત અશુધ્ધ ખોરાકથી મોટા પાયે જાહેર આરોગ્ય જોખમાઈ રહ્યું છે.સરકારની ભેળસેળ નિવારણ કાયદો માત્ર કાગળ પર છે. જુદી જુદી ભેળસેળ ચકાસવા અને ગુણવત્તા ચકાસવા માટેની પ્રાદેશીક ખોરાક પ્રયોગ શાળાની કામગીરી શંકાના દાયરામાં છે.મરચાની ભૂકીમાં લાકડાનો વહેર,ચાની અંદર જીણી લોખંડની કણીઓ, દૂધની અંદર સ્ટાર્ચ,દળાયેલી ખાંડમાં સોજી,ધોવાનો સોડા કે ચોકનું મિશ્રણ, ઘી અને માખણમાં વનસ્પતિનું મિશ્રણ,કઠોળ અને દાળમાં કૃત્રિમ રંગ,ખાદ્ય તેલમાં ખનીજ તેલનું મિશ્રણ ખુલ્લે આમ થતું હોય તેમ છતાં ભેળસેળથી બચવાના અભિગમનો સદંતર અભાવ અને ભેળસેળીયાઓને જાણે કે ખુલ્લોદોર મળી ગયો હોય તેમ કરોડો રૂપિયાનો વેપાર થાય તેમ છતાં સરકારની ઉંઘ ઉડતી નથી. આજ દર્શાવે છે કે, ભાજપ સરકારના મેળાપીપણાને કારણે લાખો ગુજરાતીઓના જાહેર સ્વાસ્થ્ય ઉપર વિપરીત અસર પડી રહી છે તે માટેજવાબદાર કોણ ? ગુજરાત જાણવા માંગે છે.

## પાના ૧ ઉપરનું ચાલું ઉનાનાં એસ.ટી. બસ સ્ટેન્ડમાં

વિદ્યાર્થીઓ અને બહારથી મજૂરી કરવા માટે આવેલ મજૂરો પોતાના વતન જતા હોય છે ત્યારે ઉના બસ સ્ટેશનમાં પ્લેટ ફોર્મ પરની લાઈટ બંધ હોવાથી અંધારૂ છવાયેલું રહે છે અને બહારથી મજૂરી કામ કરીને આવતા લોકોને અંધારામાં પોતાના જાન માલને નુકસાન થાય તેની જવાબદારી કોની ? ત્યારે ઘણા સમયથી એસટી બસ સ્ટેશન ના અમુક વિસ્તારમાં લાઈટ બંધ રહે છે અને આ વિસ્તાર અસામાજિક તત્વોનો અડ્ડો પણ બની રહ્યો હોવાનું સ્થાનિકો જણાવે છે.

રાત્રિ દરમિયાન આ વિસ્તારમાં લોકોની અવર જવર ઓછી રહે છે, જેને લીધે ગુનાહિત પ્રવૃતિઓ ધરાવતા લોકો આ વિસ્તારમાં અંધારાનો લાભ લઈ શકે એવી પણ લોકોને શંકા છે.ત્યારે એસટી વિભાગ દ્વારા વહેલી તકે આળશ ખંખેરી બસ સ્ટેશનમાં બંધ પડેલ લાઈટો તેમજ પ્લેટ ફોર્મ પરની લાઈટો શરૂ કરવામાં આવે તેવી મુસાફરોની માંગ છે.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૭૫ | ૧૫૦૦ |
| ૨ | મગફળી | ૧૦૦૦ | ૧૨૫૯ |
| ૩ | જુવાર સફેદ | ૧૧૦૧ | ૧૧૦૧ |
| ૪ | સોયાબીન | ૯૨૧ | ૯૨૬ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૦૬૫ | ૧૩૦૬ |
| ૨ | શિંગ મોટી | ૧૦૩૦ | ૧૩૫૨ |
| ૩ | તલ સફેદ | ૧૬૦૦ | ૩૪૯૫ |
| ૪ | તલ કાળા | ૨૦૦૦ | ૩૪૪૫ |
| ૫ | બાજરો | ૪૩૮ | ૪૬૦ |
| ૬ | ઘઉં ટુકડા | ૫૨૨ | ૬૫૦ |
| ૭ | ઘઉં લોકવન | ૫૦૦ | ૬૨૩ |
| ૮ | મગ | ૧૫૦૦ | ૨૧૫૬ |
| ૯ | અડદ | ૧૦૦૦ | ૧૯૦૦ |
| ૧૦ | ચણા | ૭૦૦ | ૧૩૧૨ |
| ૧૧ | ચણા દેશી | ૧૨૭૫ | ૧૨૭૫ |
| ૧૨ | કપાસ | ૯૬૦ | ૧૪૮૬ |
| ૧૩ | એરંડા | ૧૦૫૦ | ૧૦૯૫ |
| ૧૪ | ધાણા | ૭૦૦ | ૧૩૪૦ |
| ૧૫ | મેથી | ૯૪૦ | ૧૨૮૫ |
| ૧૬ | સોયાબીન | ૭૦૦ | ૯૭૮ |
| ૧૭ | રજકાનું બી | ૧૭૦૦ | ૩૯૭૫ |
| ૧૮ | સુર્યમુખી | ૬૧૦ | ૬૧૦ |

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલીનાં ઐતિહાસિક ''રાજમહેલ''ની

બાબરાના ધારાસભ્ય પણ હાજર રહેલ. આ મિટિંગમાં અપાયેલ આખરી ઓપ મુજબ હવે રાજમહેલ વિકાસ પ્રોજેકટ અંતર્ગત અમરેલીની જનતાને રાજમહેલ પરિસરમાં જ કેફે વિથ બેંકવેટ હોલની સગવડ મળશે. જેથી શુભ પ્રસંગોમાં લોકો માટે નવી રાજાશાહી કક્ષાની સગવડ મળશે. સાથે ભવ્ય હેરિટેજ હોટેલ પણ અહીં બનશે અને થીમ બેઈઝ મ્યુઝિયમ સાથે વિશાળ લાયબ્રેરી પણ નિર્માણ પામશે. નજીકનાં દિવસોમાં ઉકત ભેટ મળતા અમરેલીની જનતાની સુખાકારીમાં વધારો થશે. મ્યુઝિયમમાં દુર્લભ પુરાતન ચીજવસ્તુઓ રાખવામાં આવશે તથા લાયબ્રેરીમાં મૂલ્યવાન ગ્રંથોને સ્થાન મળશે જેથી અમરેલી જિલ્લાના અને જિલ્લા બહારના અભ્યાસુ લોકોને તથા વિદ્યાર્થીઓને એનો સીધો લાભ મળશે.

## પાના ૮ ઉપરનું ચાલું ખીજડીયા–અમરેલી વચ્ચે

કરેલ ખીજડીયાથી અમરેલી રૂટ મંજૂર થઈ ગયેલ છે એવી વાત પૂછતા ડી.આર.એમ.એ કહેલ કે એવી કોઈ મંજૂરી આવી નથી અને હજી આ બાબતનું શું સ્ટેટસ છે એ પણ કંઈ ખબર નથી અને પૂરતા જવાબ આપેલ નહીં અને ખીજડીયા–અમરેલી બ્રોડગેજ બાબતેની કોઈપણ મંજૂરી આવેલ નથી એવું સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું.

એટલે આજે આટલા આટલા વર્ષોથી બ્રોડગેજ અને વિકાસથી વંચિત અમરેલીની જનતા હેરાન થઈ હોવા છતાં પણ અને અમરેલીમાં ગત ચૂંટણીમાં પણ બ્રોડગેજ આવી જશે એવી જાહેરાત કરી અને ચૂંટણી લડેલા આપણા સાંસદ આજ સુધી બ્રોડગેજ લાવી શકયા નથી અને દેશમાં અને ગુજરાતમાં પણ પંચાયતથી પાર્લામેન્ટ સુધી છેલ્લા નવ વર્ષથી એક જ પક્ષની સરકાર હોવા છતાં આજ સુધી અમરેલી શહેર બ્રોડગેજથી વંચિત હોવાથી અમરેલીનો વિકાસ થયો નથી જે ખૂબ જ દુઃખદ બાબત છે. છતાં પણ સત્તાધીશોના પેટનું પાણી હલતું નથી અને જનતાની સરકારના કલાસ વન અધિકારીઓ પણ જનતાના પ્રતિનિધિઓને આવા જવાબ આપે છે.

આજરોજ મિશન બ્રોડગેજ અમરેલી દ્વારા ભાવનગર ડીઆરએમને રજૂઆત કરવા માટે અમરેલીથી વિપુલભાઈ ભટ્ટી, ભાર્ગવભાઈ મહેતા, રાજેશભાઈ ગાંધી, દીપકભાઈ મહેતા, મહમદ અલી બારૂની, ખીમચંદભાઈ ચાંદરાણી, પંકજભાઈ રાજયગુરૂ, વી.કે. ચાવડા ભાવનગર ખાતે સહી ઝુંબેશના ઓરીજનલ કાગળોના ૧૩૦ પેજ તેમજ અરજીના કાગળ સાથે કુલ ૧૩૫ પેજમાં ફાઈલ બનાવી અને રજૂઆત કરવા ગયેલ હતા.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૩૮૦ | ૧૫૨૦ |
| ૨ | મગફળી | ૧૧૮૦ | ૧૩૦૦ |
| ૩ | તલ સફેદ | ૨૭૫૦ | ૩૨૮૦ |
| ૪ | મગ | ૧૪૭૫ | ૧૬૨૫ |
| ૫ | અડદ | ૧૭૨૫ | ૧૯૧૫ |
| ૬ | કાળા તલ | ૨૭૬૦ | ૩૨૫૦ |
| ૭ | ઘઉં | ૪૮૦ | ૫૨૦ |
| ૮ | ચણા | ૯૪૯ | ૧૧૪૧ |
| ૯ | સોયાબીન | ૮૮૭ | ૯૪૩ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૧૦૦ | ૧૨૭૧ |
| ૨ | શીંગ મોટી | ૧૧૫૧ | ૧૩૫૧ |
| ૩ | તલ સફેદ | ૩૧૦૦ | ૩૪૨૦ |
| ૪ | તલ કાળા | ૩૧૫૦ | ૩૪૮૩ |
| ૫ | જીરૂ | – | ૬૦૦૦ |
| ૬ | કપાસ | ૧૩૫૦ | ૧૪૮૦ |
| ૭ | ઘઉં લોકવન | ૪૯૦ | ૬૦૯ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૦૫ | ૬૧૩ |
| ૯ | બાજરો | ૩૫૧ | ૫૨૬ |
| ૧૦ | જુવાર | ૭૫૦ | ૧૩૮૦ |
| ૧૧ | મકાઈ | – | ૪૦૧ |
| ૧૨ | મઠ | – | ૧૨૦૦ |
| ૧૩ | ચણા | ૧૦૦૦ | ૧૨૨૨ |
| ૧૪ | સોયાબીન | ૮૬૦ | ૯૮૦ |
| ૧૫ | તુવેર | ૧૪૦૦ | ૧૬૮૦ |
| ૧૬ | મેથી | ૧૦૫૫ | ૧૧૭૨ |

## ધારી તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાશે

અમરેલી, તા. ૭

નવેમ્બર–૨૦૨૩નો ધારી તાલુકાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ આગામી તા. ૨૨ નવેમ્બર, ૨૦૨૩ને બુધવારનાં રોજ ધારી તાલુકા મામલતદાર કચેરી ખાતે યોજાશે. તાલુકા કક્ષાનાં પ્રશ્નો અને ફરિયાદો મોડામાં મોડા તા.૧૫ નવેમ્બર, ૨૦૨૩ સુધીમાં ધારી તાલુકા મામલતદાર કચેરી ખાતે મળી જાય તે રીતે પહોંચતા કરવા. સામુહિક કે નીતિ વિષયક પ્રશ્નો સિવાયના પ્રશ્નો રજૂ કરવાના રહેશે. અરજીના મથાળે ' તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ' અવશ્ય લખવું. ગ્રામ સ્વાગતનાં પ્રશ્નો સંબંધિત ગ્રામ પંચાયત કચેરીથી કોમ્પ્યુટરમાં ઓનલાઈન દાખલ કરી હાર્ડકોપી તાલુકા પંચાયત કચેરી, ધારી ખાતે રજૂ કરવી, તેમ ધારી તાલુકા મામલતદારની એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.


**નામ બદલાવેલ છે**

આથી હું જાહેર કરૂ છું કે મારૂ જુનું નામ **કુસુમબેન જયેશભાઈ ભટ્ટ** (Kusumben Jayeshbhai Bhatt) હતું જે બદલાવી મેં મારૂ નવું નામ **કુસુમબેન જયેશ ભટ્ટ** (Kusumben Jayesh Bhatt) કરેલ છે. હવેથી હું મારા નવા નામ **કુસુમબેન જયેશ ભટ્ટ** (Kusumben Jayesh Bhatt) તરીકે ઓળખાઈશ.

**કુસુમબેન જયેશ ભટ્ટ**
બ્લોક નં. ૩૪, ''આનંદ'' બ્રાહ્મણ સોસાયટી, બ્રહ્મેશ્વર મંદિર પાસે, અમરેલી-૩૬૫૬૦૧


## અવસાન નોંધ

**અમરેલી :** નાના લીલીયા નિવાસી રાજુભાઈ ઈશ્વરલાલ પંડયા(રાજુદાદા) (ઉ.વ. ૫૨) તેઓ સ્વ. ઈશ્વરલાલ શિવશંકર પંડયાનાં પુત્ર અમીબેન, રીંકલબેન, ઈશાબેનનાં પિતાશ્રી કાર્તિકભાઈ, મિતુલભાઈનાં બાપુજી, વિપુલભાઈ, સંદિપભાઈનાં મોટાભાઈ તેમજ યશભાઈનાં સસરાનું તા. ૭/૧૧/૨૦૨૩ને મંગળવારનાં રોજ દુઃખદ અવસાન થયેલ છે. તેઓનું બેસણું તા. ૯/૧૧/૨૦૨૩ને ગુરૂવારનાં રોજ તેમનાં નિવાસ સ્થાન ''શિવલીલા'' મુ. નાના લીલીયા ગામ ખાતે સવારે ૮ થી ૫ કલાક સુધી રાખેલ છે.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૦૦ | ૧૫૦૫ |
| ૨ | મગફળી | ૧૦૨૫ | ૧૩૦૧ |
| ૩ | ઘઉં | ૫૦૮ | ૫૭૦ |
| ૪ | ચણા | ૧૦૩૫ | ૧૨૦૫ |
| ૫ | ધાણા | ૧૧૫૨ | ૧૩૦૦ |
| ૬ | અડદ | ૧૬૫૧ | ૧૮૬૫ |
| ૭ | તુવેર | ૨૨૧૦ | ૨૨૧૦ |
| ૮ | સોયાબીન | ૮૦૬ | ૯૪૧ |
| ૯ | તલ | ૨૮૦૦ | ૨૮૦૦ |
| ૧૦ | જુવાર | ૪૭૫ | ૪૭૫ |
| ૧૧ | રાઈ | ૧૨૨૫ | ૧૨૨૫ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૦૦ | ૧૪૮૮ |
| ૨ | ચણા | ૧૦૮૦ | ૧૨૩૫ |
| ૩ | ચણા સફેદ | ૧૩૦૦ | ૧૬૬૫ |
| ૪ | સોયાબીન | ૭૭૦ | ૯૩૩ |
| ૫ | તલ સફેદ | ૨૫૦૦ | ૩૨૨૫ |
| ૬ | મગફળી | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ૭ | મગ | ૧૨૫૫ | ૧૭૫૦ |
| ૮ | ઘઉં લોકવન | ૪૯૪ | ૬૦૭ |
| ૯ | જુવાર | ૮૨૦ | ૧૦૦૦ |
| ૧૦ | અડદ | ૧૪૦૦ | ૧૪૦૦ |
| ૧૧ | ધાણા | ૧૧૮૨ | ૧૩૦૪ |
| ૧૨ | એરંડા | ૧૦૨૪ | ૧૦૨૪ |
| ૧૩ | તુવેર | ૧૩૦૦ | ૧૭૦૧ |
| ૧૪ | લસણ | ૫૨૫ | ૧૭૦૦ |
| ૧૫ | શીંગદાણા | ૧૫૦૦ | ૧૬૦૦ |

## પાના ૮ ઉપરનું ચાલું અમરેલી જિલ્લામાં આજથી

સ્થળોએ થવાની તૈયારીમાં વ્યસ્ત જોવા મળી રહયા છે.

અમરેલીમાં આ વર્ષે ફટાકડાના સ્ટોલની સંખ્યામાં વ્યાપક વધારો થયો છે. શહેરમાં ઠેકઠેકાણે જુદી જુદી સેવાકીય સંસ્થાઓ દ્વારા ફટાકડાનું વેચાણ શરૂ કરવામાં આવેલ છે. તો ગર્લ્સ હાઈસ્કુલનાં પટ્ટાંગણમાં રાબેતા મુજબ ફટાકડા બજાર શરૂ કરવામાં આવી છે.

## પાના ૧ ઉપરનું ચાલું બાબરાનાં જામબરવાળા ગામની સગીરા

રહેતા આરોપી કપીલ ઉર્ફે જયરાજ મણીલાલ હઠીનારાયણને કલમ ૩૭૬ અને ૩૭૬ (૨) (એન)ના ગુનામાં આજીવન કેદ તથા રૂપિયા ૪૨ હજારની સજા ફટકારી હતી. ભોગ બનનારને ધી પોકસો એકટ–૨૦૧૨ની કલમ–૩૩ (૮) અને ધી પોકસો રૂલર્સ ૨૦૨૦ના રૂલ ૯(૨) હેઠળ રૂા. ૪ લાખ વળતર પેટે ચુકવવા હુકમ કર્યો હતો. જયારે અન્ય આરોપી કનૈયાલાલ ઉર્ફે કનુ હરીરામ હઠીનારાયણને કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬, ૧૧૪ તેમજ બાળકોના જાતીય ગુના સામે રક્ષણ અધિનિયમ ૨૦૧૨ની કલમ ૪, ૮, ૧૮ના ગુનામાં નિર્દોષ ઠરાવી છોડી મુકવા હુકમ કર્યો હતો.


## ખેતીની જીમન વેચાણ અંગેની જાહેર નોટિસ

અમો નીચે સહી કરનાર એડવોકેટ **જીતેન્દ્રભાઈ આર. ગોઠડીયા,** રહે : – બાબરા– અમારા અસીલ જમીન ખરીદનાર **ગીરધરભાઈ જીણાભાઈ ભુત** રહે, ખોડિયારકૃપા ત્રિવેણી સોસાયટી, શેરી નં.–૧ સંત કબીર રોડ–રાજકોટ અને **ગોપાલભાઈ પરષોતમભાઈ પોકળ** રહે. મ.નં.એ.૫૦૩ ક્રિસ્ટલ સીટી એપાર્ટમેન્ટ મામા સાહેબ રોડ, કુંવાડવા રોડ–રાજકોટ વાળાની સુચના અને ફરમાઈસ મુજબ લાગતા વળગતા ને જાણ થાય છે કે,

અમરેલી જીલ્લાના બાબરા તાલુકાના મોજે **બરવાળા** ગામની નીચે મુજબની રેવન્યુ રેકર્ડ ખેતીની જમીન આવેલ છે. તે ખેતીની જમીન અમારા અસીલ **ગીરધરભાઈ જીણાભાઈ ભુત** અને **ગોપાલભાઈ પરષોતમભાઈ પોકળ** ખરીદ કરવા માંગે છે.

| ક્રમ | નામ | ખાતા નં. | સર્વે નં. | હે.આરે.ચો.મી. |
|---|---|---|---|---|
| ૧ | ઈકબાલભાઈ નાનજીભાઈ શાહ | ૫૨૯ | ૬૭ પૈકી૧/પૈકી ૧ | ૧–૨૯–૫૦ |
| ૨ | યુનુસભાઈ નાનજીભાઈ શાહ | ૫૩૭ | ૬૭ પૈકી ૧ | ૦–૪૮–૫૬ |
| ૩ | ગુણવંતરાય નારણદાસ મણીયાર<br>શીલાબેન ગુણવંતરાય મણીયાર<br>જયંતભાઈ ગુણવંતરાય મણીયાર<br>તુષારભાઈ ગુણવંતરાય મણીયાર | ૫૩૮ | ૧૭૬ પૈકી ૧ | ૧–૧૪–૩૨ |

સબબ ઉપરોકત વિગત વર્ણન વાળી ખેતીની ખેડવાણ જમીન સબંધે તેના વેચાણ સબંધે કે તેના કબજા સબંધે કે કોઈપણ વ્યકિતનો કોઈપણ પ્રકારનો લાગ–ભાગ, હકક–હિસ્સો, બક્ષિસ, અગ્રહકક, વારસાઈ હકક કે લેણુ, ગીરો, બોજો કે ફાઈનાન્સ, સહકારી મંડળી, પ્રાઈવેટ ફાઈનાન્સ, કોઈપણ બેંકે સરકારી સંસ્થા, કે કોઈપણ કરજ હોય તો અમોને નીચેના સરનામે લેખિત આધાર પુરાવા સાથે દિવસ–૧૫ (પંદર)માં જાણ કરવી. જો સમય મર્યાદામાં કોઈના વાંધા તકરાર કે દર દાવો ની અને હોય તો જતો વેવ કરેલછે તેમ સમજી અમો પાકકો રજીસ્ટર દસ્તાવેજ ખરીદનાર **શ્રી ગીરધરભાઈ જીણાભાઈ ભુત** અને **શ્રી ગોપાલભાઈ પરષોતમભાઈ પોકળ** ના નામે કરાવી આપીશુ. ત્યાર બાદ જો કોઈના વાંધા કે તકરાર અમારા અસીલના હકક, હિત, હિસ્સાને બંધનકર્તા રહેશે નહી. જેની આથી લાગતા વળગતાઓએ તથા જાહેર જનતાએ નોંધ લેવી.

**અમારા અસીલ**
**શ્રી ગીરધરભાઈ જીણાભાઈ ભુત અને**
**શ્રી ગોપાલભાઈ પરષોતમભાઈ પોકળની સુચનાથી**

સ્થળ :– બાબરા
તા :– ૦૭–૧૧–૨૦૨૩

**જીતેન્દ્રભાઇ આર. ગોઠડીયા**
**(એડવોકેટ–ગુજરાત હાઇકોર્ટ)**
નાગનાથ કોમ્પ્લેક્ષ શોપ નં. ૧૪
મુ. બાબરા, જી. અમરેલી. મો. ૯૯૭૮૨ ૭૬૭૫૬


## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૭૫૦ | ૧૩૨૧ |
| ૨ | તલ સફેદ | ૨૧૦૦ | ૩૧૦૧ |
| ૩ | તલ કાળા | ૩૧૧૧ | ૩૩૫૦ |
| ૪ | કપાસ | ૧૨૯૦ | ૧૪૮૦ |
| ૫ | બાજરો | ૩૮૦ | ૪૯૦ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૯૨ | ૬૫૦ |
| ૭ | જુવાર | ૭૦૦ | ૧૩૦૦ |
| ૮ | મકાઈ | ૫૨૫ | ૫૨૫ |
| ૯ | મગ | ૧૦૦૦ | ૩૦૦૦ |
| ૧૦ | મેથી | ૧૪૫૦ | ૧૪૫૦ |
| ૧૧ | અડદ | ૧૭૦૧ | ૨૧૦૧ |
| ૧૨ | તુવેર | ૨૦૦૦ | ૨૦૦૦ |
| ૧૩ | ચણા | ૧૦૦૦ | ૧૨૮૦ |
| ૧૪ | જીરૂ | ૯૦૦૦ | ૯૦૦૦ |
| ૧૫ | સોયાબીન | ૮૫૦ | ૯૫૦ |

# વિહળધામ પાળીયાદ ખાતે નિર્માણધિન 'રાશિવન'ખાતે સંઘાણી અને શેખવા પરિવારનાં હસ્તે વૃક્ષારોપણ થયું



સૌરાષ્ટ્રની દેહાણ પરંપરાની જગ વિખ્યાત જગ્યા એવી પરમ પૂજય શ્રી વિસામણબાપુની જગ્યા વિહળધામ પાળીયાદ ખાતે નવ નિર્માણ થઈ રહેલ કમખીયા ખાતે બની રહેલા 'નક્ષત્ર–વન' બાદ હવે ' રાશિ–વન' ખાતે વિધિ વિધાનથી પૂજા અર્ચનાથી વૃક્ષારોપણ કરી રહેલા અમરેલીના યુવા આઈડલ તેમજ અમર ડેરીના વાઈસ ચેરમેન તેમજ સેવા ની પર્યાય સારહી યુથ કલબના પ્રમુખ મુકેશભાઈ સંઘાણી તેમજ એમના ધર્મ પત્નિ સેજલબેન સંઘાણી તેમજ સાથે અમરેલી ન.પા.ના પુર્વ કારોબારી ચેરમેન સુરેશભાઈ શેખવા તેમના ધર્મ પત્નિ કિશોરીબેન શેખવા અને પુત્ર જસપાલ શેખવા. વૃક્ષારોપણ પૂર્ણ કરી ત્યારબાદ જગ્યા ની બણકલ ગૌશાળા ખાતે ગાય માતાને લીલીનીરણનો ઘાસચારો નાંખેલ હતો અને જગ્યાની વિહળ વાટિકા અને કૈલાસ બંગલોની શુભેરછા મુલાકાત લીધેલ હતી તેમજ ભગવાન શ્રી રાઘવેન્દ્ર સરકાર અને ઠાકર શ્રી વિહળાનાથ અને જગ્યાના ગાદીપતી મહંત પરમ પૂજય શ્રી શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર નિર્મળ ાબા ઉનડબાપુના દર્શન કરી અને આશીર્વાદ લીધેલ હતા. જગ્યાના સંચાલક પૂજય શ્રી ભયલુબાપુ દ્વારા તમામ સ્થળે કે જેમાં પૂજય વિસામણબાપુ જન્મ સ્થળ , પૂજય બા શ્રી અશ્વશાળા, બણકલ ગૌશાળા, વિન્ટેજ કાર કલેકસન, પક્ષીઘર તેમજ કમખીયા વીડી તેમજ ખાખરાવાળી વાડી તેમજ પૃથ્વીરાજ સર્કલ, વિહળ વાટિકા, અન્નપૂર્ણા ભંડાર સહિત સંસ્થાની તમામ જગ્યાની મુલાકાત લીધી અને ત્યાંની ચોખ્ખાઈ અને પારદર્શકતા અને ભવ્યતા અને દિવ્યતા તેમજ આધ્યાતમિકતાનો અનુભવ કરી ખુબ રાજીપો અને ધન્યતા અનુભવી હતી. જય વિહળાનાથ..

### એ.આઈ.એફ. દીપશાળા પ્રોજેકટ અંતર્ગત

## વડિયા : મોંઘીબા કન્યા શાળાનાં વિદ્યાર્થીઓને ટેબલેટ વિતરણ કરાયા

### બાળકો અનલિમિટેડ નેટ વાપરી શકશે

વડિયા, તા.૭

વડિયા મુકામે સરકારી મોંઘીબા કન્યા પ્રાથમિક શાળામાં દીપશાળા પ્રોજેકટ અંતર્ગત ધોરણ–૭ ના ૩૦ વિદ્યાર્થીઓના વાલીઓ સાથે મિટિંગ અને ટેબલેટ વિતરણ કાર્યક્રમ યોજવામાં આવ્યો તેમજ વાલીઓ દ્વારા ધોરણ ૮ માં ગત વર્ષે આપેલ ટેબલેટમાં થયેલ કામગીરી નિહાળી અને ખૂબ જ આશ્વર્ય સાથે આનંદિત થયા. આ ટેબલેટ દાતા ભરતભાઈ દેસાઈ અને સમવિંદ વેન્ચર્સનાં સહયોગથી આપવામાં આવેલ છે. આ સાથે શાળામાં STEM લેબ તથા વિદ્યાર્થીઓ માટે ૨૦૨૨ થી વાઈફાઈ સુવિધા ફ્રી આપવામાં આવેલ છે.



તસ્વીર : જીતેશગીરી ગોસાઈ–વડીયા

જે અંતર્ગત બાળકો અનલિમિટેડ ઈન્ટરનેટનો વપરાશ કરી શકે છે. આ ટેબલેટ વિતરણ કાર્યક્રમમાં સરપંચ મનીષભાઈ ઢ ોલરીયા, જિલ્લા પંચાયત સભ્ય વિપુલ ભાઈ રાક, તાલુકા પંચાયત કારોબારી ચેરમેન તુષારભાઈ ગણાત્રા તાલુકા ભાજપ મહામંત્રી શૈલેષભાઈ ઠુંમર અમરેલી યુવા મોરચાના તુષારભાઈ વેગડ હસ્તે આપવામાં આવ્યા હતા. તેમજ AIF – કોડીનેટર અલ્તાપ ખાન, શાળાનાં આચાર્ય શોભનાબેન, શિક્ષક વિશાલભાઈ જોશી, ધર્મેશભાઈ ચુડાસમા, દયાબેન આખજા, ભાવનાબેન, જયોત્સનાબેન, સોનલબેન અને સર્વે શાળા પરિવારે દાતા ભરત દેસાઈનો આભાર વ્યક્ત કર્યો હતો.

## ગાધડકા શાળામાં ટેબ્લેટ વિતરણ કાર્યક્રમ યોજાયો



સાવરકુંડલા, તા.૭

સાવરકુંડલા તાલુકાની ગાધકડા પ્લોટ પ્રાથમિક શાળા ખાતે અમેરિકન ઈન્ડિયા ફાઉન્ડેશન (A.I.F.) સંસ્થા દ્વારા ચાલતા ડિજિટલ ઈકવીલાઈઝર પ્રોગ્રામ અંતર્ગત ' દીપશાળા પ્રોજેકટ' અંતર્ગત ધોરણ સાતનાં તમામ ૩૫ (પાંત્રીસ) વિદ્યાર્થીઓને ટેબ્લેટ વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં ભરતભાઈ કાછડીયા,બાલુભાઈ બોરડ,હનુભાઈ ખુમાણ તથા A.I.F.ના કોર્ડિનેટર વિનોદભાઈ તથા વાલીઓ અને ગ્રામજનો હજાર રહ્યા હતા. આ તકે શાળાના આચાર્ય પિયુષભાઈ જોષી તથા શિક્ષક વિપુલભાઈ બોરીસાગર, ચિંતનભાઈ સુરાણી અને સમગ્ર સ્ટાફગણ દ્વારા A.I.F.ના દાતા ભરતભાઈ દેસાઈ તથા સંવિદ વેન્સર્ચનો આભાર વ્યક્ત કર્યો.

## સા.કુંડલા પંથકની શાળામાં મધ્યાહ્ન ભોજન કેન્દ્રમાં સંચાલકની આવશયકતા

અમરેલી તા. ૭

સાવરકુંડલા તાલુકાના વિવિધ મધ્યાહન ભોજન કેન્દ્રો માટે સંચાલકોની આવશ્યકતા છે. આ જગ્યા માટેનાં અરજીપત્રકો તા.૨૦ નવેમ્બર, ૨૦૨૩ સુધીમાં સાવરકુંડલા તાલુકા મામલતદાર કચેરી ખાતે કચેરી કામગીરી સમય દરમિયા મેળવી અને અરજી તા. ૨૨ નવેમ્બર, ૨૦૨૩ સુધીમાં કચેરી સમય દરમિયાન રજિસ્ટ્રી શાખા ખાતે પહોંચાડવી. ખાલી જગ્યાઓમાં પ્રથમ પ્રયત્ન અંતર્ગત બ્રાંચ શાળા નં.૦૯ સાવરકુંડલા, કેન્દ્ર નં.૧૦ (પ્રથમ પાળી), બીજા પ્રયત્ન અંતર્ગત કેરાળા પ્રાથમિક શાળા, કેન્દ્ર નંબર ૨૫, પ્રથમ પ્રયત્ન અંતર્ગત સાકરપરા પ્રાથમિક શાળા, કેન્દ્ર નંબર ૯૫ માટે મધ્યાહન ભોજન કેન્દ્ર સંચાલકોની આવશ્યકતાઓ છે.

ઓછામાં ઓછી ધો.૧૦ પાસની શૈક્ષણિક લાયકાત ધરાવતા અને જો ગામમાં આ લાયકાત ધરાવનાર ઉમેદવારો ન મળે તો ધો.૦૭ પાસની શૈક્ષણિક લાયકાત ધરાવનાર, જાહેરનામાની તારીખે ઓછામાં ઓછી ૨૦ થી ૬૦ વર્ષની વચ્ચે ઉંમર ધરાવનારા ઉમેદવારોએ આધાર પુરાવા સાથે જરૂરી વિગતો ભરીને અરજી પત્રક સાવરકુંડલા તાલુકા મામલતદાર કચેરી ખાતે રજૂ કરવા. આ મધ્યાહન ભોજન કેન્દ્રમાં સંચાલકની આવશ્યકતા માટેની અરજી ઉમેદવારોની લાયકાત, ઉંમર સરકારના ઠરાવવામાં આવેલા ધોરણો અનુસાર હશે તેમને રૂબરૂ બોલાવવામાં આવશે. આ જગ્યાઓ માટે સરકાર દ્વારા નિયત માનદ વેતન આપવામાં આવશે.

અરજી કરવાનું નિયત નમૂના પત્રક સાવરકુંડલા તાલુકા મામલતદાર કચેરી ખાતેથી જાહેર રજાના દિવસો સિવાય કચેરી સમય દરમિયાન મળશે. આ નિમણુંક અનાજ દળવાની ઘંટી ચલાવતા વ્યકિતને, વકીલાતના વ્યવસાય સાથે જોડાયેલા વ્યકિતને, શાકભાજી, મરી મસાલા, જલાઉ લાકડાનો વ્યાપાર કરતા, અન્ય ધંધાર્થી વેપાર કરતી કે સસ્તા અનાજની દુકાન ચલાવતા અરજદારો દ્વારા અરજી આપી શકાશે નહીં. તેમ સાવરકુંડલા તાલુકા મામલતદારએ એક યાદીમાં જણાવ્યું છે.

### તાલુકા પંચાયતનાં વિપક્ષી નેતાની માંગ

## કુંકાવાવ–વડિયાનાં ૪૫ ગામોમાં વિનામૂલ્યે આરોગ્યલક્ષી કેમ્પ શરૂ કરો

### રાજયનાં આરોગ્ય મંત્રીને પત્ર પાઠવ્યો

અમરેલી, તા. ૭

કુંકાવાવ તાલુકા પંચાયતનાં વિપક્ષી નેતા મનસુખભાઈ ગોંડલીયાએ રાજયનાં આરોગ્ય મંત્રીને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, કુંકાવાવ–વડિયા તાલુકાનાં ૪૫ ગામમાં આરોગ્ય ખાતાની ટીમ ગામે ગામ કેમ્પ દ્વારા તપાસ કરાવો. નાના–મોટા ગામમાં નાના ગરીબ માણસોને હૃદયની બીમારી હોય પણ તેઓ પાસે હોસ્પિટલમાં સારવાર કે ટેસ્ટ, રીપોર્ટનાં પૈસા ન હોવાનાં કારણે ઘણા મૃત્યુ પામે છે. એટલા માટે વહેલામાં વહેલી તકે હૃદય રોગનાં દર્દીને તાત્કાલીક ટેસ્ટ, રીપોર્ટ કઢાવી સારવાર આપવા અંતમાં માંગ કરેલ છે.

### આગામી તા. ૨૪ નવે. થી ૨૫ નવે. સુધી

## અમરેલી જિલ્લામાં બે દિવસીય રવીકૃષિ મહોત્સવનું આયોજન

### કલેકટરનાં અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઈ

અમરેલી, તા. ૭, જિલ્લાનાં ૧૧ તાલુકામાં આગામી તા.૨૪ નવેમ્બરથી તા.૨૫ નવેમ્બર, ૨૦૨૩ સુધી બે દિવસ રવી કૃષિ મહોત્સવ–૨૦૨૩ યોજાશે. અમરેલી સ્થિત જિલ્લા સેવા સદન ખાતે જિલ્લા કલેકટર અજય દહિયાનાં અધ્યક્ષસ્થાને રવી કૃષિ મહોત્સવ– ૨૦૨૩નાં આયોજન માટે બેઠક યોજાઈ હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન જિલ્લા ખેતીવાડી અધિકારી દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ખેતીવાડી શાખાને અન્ય કચેરીઓનો સહયોગ સાંપડશે. રવી કૃષિ મહોત્સવનાં બીજા દિવસે આત્મા દ્વારા ખેડૂતોને પ્રાકૃત્તિક કૃષિના મોડેલ ફાર્મની મુલાકાત પણ કરાવવામાં આવશે. વિવિધ પ્રકારના કૃષિ પ્રદર્શન પણ યોજાશે. ખેતીવાડીને લગતી નવીનતમ ટેક્નોલોજી, હાઈટેક હોર્ટીકલ્ચર અને કેનીંગ અને કિચન ગાર્ડન વિષયક સ્ટોલ પણ કરવામાં આવશે. 'પર 'ડ્રોપ–મોર ક્રોપ'નાં અભિગમને સાર્થક કરવા માટે કાર્યક્રમનાં તમામ પ્રદર્શન સ્થળોએ સુક્ષ્મ સિંચાઈ પદ્ધતિના લાઈવ મોડેલ ડેમો યોજાશે. કાર્યક્રમના દરેક સ્થળોએ સેવા સેતુ કાર્યક્રમ અંતર્ગત વિવિધ સ્ટોલ રહેશે. કાર્યક્રમ દરમિયાન કૃષિ યુનિવર્સિટીનાં સ્ટોલ પણ રાખવામાં આવશે. બે દિવસીય કાર્યક્રમનાં આયોજનને લઈને તમામ પ્રકારની વ્યવસ્થા સુનિશ્ચિત કરવા અને તૈયારી વધુ સારી રીતે થાય અને તેમાં ક્ષતિ ન રહે તે બાબતે જિલ્લા કલેક્ટર દહિયાએ અધિકારીઓને સૂચના આપી હતી. બેઠકમાં સંબંધિત અધિકારીઓ–કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### દેશના અનેક રાજ્યોમાં પ્રદૂષણના સ્તરમાં ભારે વધારો

## ફટાકડા પરનો પ્રતિબંધ દિલ્હી પુરતો મર્યાદિત નથી, સમગ્ર દેશ માટે છે : સુપ્રીમ

નવી દિલ્હી,તા.૭

રાજધાની દિલ્હી સહિતના રાજ્યોમાં પ્રદૂષણમાં સતત વધારો થઈ રહ્યો છે. દિલ્હીમાં પ્રદૂષણ ને ડામવા સરકાર પણ નીત-નવા નિયમોનો અમલ કરાવી રહી છે. ઉપરાંત દેશમાં દિવાળી ટાણે ફટાકડાનું ધમધોકાર વેચાણ થઈ રહ્યું છે અને તેના કારણે પ્રદૂષણમાં પણ વધારો થવાનો છે, ત્યારે ફટાકડા મામલે સુપ્રીમ કોર્ટે પણ કડક વલણ અપનાવ્યું છે.

ફટાકડા પર પ્રતિબંધ લાદવાના કેસમાં સુનાવણી કરતા સુપ્રીમ કોર્ટે કહ્યું કે, અમે અગાઉ આપેલો આદેશ માત્ર દિલ્હી પૂરતો નથી. અમારો આદેશ આખા દેશમાં ફટાકડા પર પ્રતિબંધ લાદવાનો હતો.

તેમણે કહ્યું કે, અમે અમારા જુના આદેશમાં ફટાકડા પર સંપૂર્ણ પ્રતિબંધનો મામલો સ્થાનિક સરકારો પર છોડ્યો હતો, પરંતુ હોસ્પિટલ જેવી આરોગ્ય સેવાઓ, સંવેદનશીલ સ્થળો પર ફટાકડા ન ફોડવા તેમજ ફટાકડા ફોડવા માટેનો સમય મર્યાદા નક્કી કરવા માટે કહ્યું હતું.

એનસીઆરમાં આવતા રાજસ્થાનના વિસ્તારોમાં દિલ્હી-એનસીઆરના નિયમો લાગુ થશે, એટલે કે ફટાકડા પર પ્રતિબંધ રહેશે. સુપ્રીમ કોર્ટે દિલ્હી-એનસીઆર સહિત દેશભરના અન્ય શહેરોમાં વધતા પ્રદૂષણ કેસની સુનાવણી કરી રહ્યા હતા, ત્યારે ઉપરોક્ત ટિપ્પણી કરી હતી. પંજાબમાં પરાળ સળગાવવા તેમજ દેશના અન્ય રાજ્યોમાં અન્ય કારણોસર વધતા પ્રદૂષણને ધ્યાને રાખી કોર્ટે કહ્યું કે, પ્રદૂષણ રોકવાનું કામ માત્ર કોર્ટનું નથી, આ તમામની જવાબદારી છે, ખાસ કરીને સરકારની સૌથી મોટી જવાબદારી છે.

સુપ્રીમ કોર્ટે દિલ્હી-એનસીઆરમાં વધતા પ્રદૂષણને ધ્યાને રાખી કહ્યું કે, સરકાર પરાળી સળગાવવાની ઘટનાઓને રોકે, તેઓ કેવી રીતે રોકે છે, તે અમે જાણતા નથી, પરંતુ પંજાબ સરકાર પરાળી સળગાવતા રોકે. કોર્ટે વધુમાં કહ્યું કે, તમે હંમેશા રાજકીય લડાઈ લડતા રહો, તેવું દર વખતે ન હોઈ શકે. સુપ્રીમ કોર્ટે રાજસ્થાન અને અન્ય રાજ્ય સરકારોને પણ અગાઉના આદેશનો અમલ કરવા કહ્યું છે.

સુપ્રીમ કોર્ટે કહ્યું કે, અમારો આદેશ માત્ર એક રાજ્ય અથવા દિલ્હી-એનસીઆર પુરતો સિમીત નથી, આ દેશભરમાં લાગુ છે. સુપ્રીમ કોર્ટે રાજ્ય સરકારોની પણ આકરી ઝાટકણી કાઢતા કહ્યું કે, જે રાજ્યોમાં પ્રદૂષણ છે, તેનો સ્થાનિક સ્તરે નિકાલનું આયોજન કરવા રાજ્ય સરકારોને જરુરી પગલા ભરે. પ્રદૂષણનો નિકાલ કરવાનો માત્ર રાજ્ય સરકારોની જવાબદારી નથી.

# ધારી તાલુકામાં સરસીયા રેંજ અંતર્ગત આવતી ફોરેસ્ટ કોલોની રહેણાંક વિસ્તારમાં સાફ–સફાઈ ઝુંબેશ



સ્વચ્છતા હી સેવા મહા અભિયાન અંતર્ગત જિલ્લામાં ગામે ગામ સ્વચ્છતાલક્ષી પ્રવૃત્તિઓ યોજાઈ રહી છે. આ અભિયાન અંતર્ગત તા.૬ નવેમ્બર થી ૧૧ નવેમ્બર, ૨૩ સુધી શહેરના તમામ ફલાય ઓવર, બસ સ્ટેન્ડ, રેલ્વે સ્ટેન્ડમાં સફાઈ ઝુંબેશ યોજાશે. ઉપરાંત ગ્રામ્ય વિસ્તારમાં ગાંડા બાવળનું પ્રુનીંગ તેમજ ચારકોલ–કોલ બનાવવા માટેની વ્યવસ્થા પણગોઠવવામાં આવશે. તા. ૩૦ ઓકટોબર, ૨૩ થી ૦૪ નવેમ્બર, ૨૩ સુધી તમામ સરકારી કચેરીઓમાં રેકર્ડ વર્ગીકરણ, ભંગાર નિકાલ, જુના વાહનોની હરાજીની કામગીરી કરવામાં આવી છે. સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત ધારી તાલુકામાં સરસીયા રેંજ અંતર્ગત આવતી ફોરેસ્ટ કોલોની રહેણાંક વિસ્તારમાં સાફ–સફાઈ ઝુંબેશ યોજાઈ હતી. વનપાલ, ફોરેસ્ટ ગાર્ડ, ટ્રેકર્સ કર્મી સહિતનો સ્ટાફ સ્વચ્છતા અભિયાનમાં જોડાયો હતો. નિર્મળ ગુજરાતના સંકલ્પને મળ્યું જનસમર્થન. આવો, આપણે સૌ સ્વચ્છતાનો સંકલ્પ કરીએ, સ્વચ્છતાને જીવનશૈલીનું અભિન્ન અંગ બનાવીએ. જિલ્લામાં સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત તા.૧૬ ડિસેમ્બર, ૨૦૨૩ સુધી વિવિધ સ્વચ્છતાલક્ષી પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવશે. સમગ્ર રાજયમાં ગામે ગામ સ્વચ્છતા અભિયાન વેગવંતુ બન્યું છે. ઉપરાંત ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં લોકો ઉત્સાહભેર આ અભિયાનમાં જોડાઈને સ્વચ્છતાગ્રહી બની રહ્યા છે. મહાત્મા ગાંધીજીના સ્વચ્છતાલક્ષી વિચારોને આજે ગુજરાતનો જન જન સાર્થક કરી રહ્યો છે. સમગ્ર રાજયમાં સ્વચ્છતા હી સેવા અભિયાન પૂરજોશમાં આગળ ધપી રહ્યુ છે. ઉપરાંત આ અભિયાનમાં સામાજિક સંસ્થાઓ સહિત સૌ જનભાગીદાર બની રહ્યા છે. આવો સૌ સ્વચ્છતા હી સેવા અભિયાનમાં જોડાઈને સ્વચ્છ ગુજરાતનું નિર્માણ કરીએ.

## અમરેલી મિશન બ્રોડગેજનાં કાર્યકર્તાઓને ડીઆરએમનો જવાબ

# ખીજડીયા–અમરેલી વચ્ચે બ્રોડગેજની મંજૂરીની ખબર નથી

**શહેરનાં પ્રતિષ્ઠિત વેપારીઓ એપોઇન્ટમેન્ટ માંગીને ભાવનગર ખાતે ડીઆરએમને મળવા પહોંચ્યા**

**ડીઆરએમએ વેપારીઓ સાથે યોગ્ય રીતે વાતચીત કરવાને બદલે ઉભા ઉભા ઉડાઉ જવાબ આપી દીધો**

**અમરેલી–ખીજડીયા વચ્ચે બ્રોડગેજ રેલ્વે લાઈનની મંજૂરીનાં કોઈ આધાર–પુરાવા સામે આવતા નથી**

**અમરેલીનાં સાંસદને ટેલિફોનિક રીતે મંજૂરી મળી હોય માત્ર ચૂંટણીલક્ષી જાહેરાત હોય તેવી સૌને શંકા થઈ રહી છે**



અમરેલી, તા. ૭

આજરોજ મિશન બ્રોડગેજ અમરેલી દ્વારા અમરેલી શહેરના પ્રતિષ્ઠિત આગેવાનોએ ભાવનગર ખાતે ડીઆરએમને અમરેલી મિશન બ્રોડગેજ દ્વારા સહી ઝુંબેશના કાર્યક્રમ અનુસંધાને અમરેલીની જનતાની બ્રોડગેજ માંગણી માટેની સહીઓ કરાયેલ હતી. એ સહીઓની ઓરીજનલ કોપી તેમજ એક અરજી સાથે ફાઈલ કરી રજૂઆત કરવા ગયેલ. જેમાં દિવાળીનાં તહેવારોમાં માત્ર ચાર દિવસ બાકી હોવા છતાં જનતાના લોકો બ્રોડગેજની ચિંતા કરીને ૩:૩૦ કલાકની મુસાફરી કરી ભાવનગર ખાતે ગયેલા ડીઆરએમને મળવા પરંતુ ડીઆરએમએ પૂરતો સમય ન આપતા માત્ર ઉભા ઉભા બે જ મિનિટ વાત કરી અને પૂરતી રજૂઆત પણ સાંભળી નહીં અને અમરેલી મિશન બ્રોડગેજના પ્રતિનિધિઓને નિરાશ કર્યા હતા. જે લોકો પોતાનો દિવાળીના તહેવાર હોવા છતાં સમય આપી અને ગયેલા હોવા છતાં પણ પૂરતો સમય આપેલ ન હતો. અને અમરેલીના સાંસદે જાહેર

અનુસંધાન પાના ૬ ઉપર

## તંત્ર અને બાંધકામ કોન્ટ્રાકટરની મિલીભગતનો આક્ષેપ

# ભારે કરી : વડિયા ગામ પંચાયતની પાછળ બનેલ સિમેન્ટ માર્ગમાં ભ્રષ્ટાચાર થયાની ફરિયાદ ઉભી થઈ

**ગામ પંચાયતનાં સદસ્યએ જિલ્લા વિકાસ અધિકારીને રજૂઆત કરી**





તસ્વીર : જીતેશગીરી ગોસાઈ–વડિયા

વડિયા, તા. ૭

વડિયાની ગ્રામપંચાયત પાછળથી નીકળતા રસ્તાને આરસીસી રોડ બનાવવા માટેની કામગીરી ઘણા સમય પેહલા કરવામાં આવી હતી. જે રોડ ત્રણ દરવાજા સામેના પુલથી ઢૂંઢિયા પીપળીયા ગામ તરફ જતા રસ્તાને જોડતો હતો. આ રસ્તાની કામગીરીમાં અપૂરતી સિમેન્ટ વપરાતી હોય અને કામની ગુણવત્તા નબળી હોવાથી તેની સામે સરપંચ મનીષ ઢોલરીયાએ અવાજ ઉઠાવ્યો હતો અને એ સમયે સરપંચનો સોશ્યલ મીડિયામાં આ બાબતનો વિડિયો પણ વાઈરલ થયો હતો. હાલ તેનું લગભગ એક વર્ષ વીતવા આવ્યુ છે ત્યારે આ રોડના કામમાં લોટ, પાણીને લાકડા જેવી સ્થિતિ હોવાથી હાલ કાંકરી દેખાવા લાગી છે. ત્યારે હાલ તંત્ર સાથેની કોન્ટ્રાકટરની મીલીભગતથી તેના પેમેન્ટની ચુકવણી બાબતે પ્રકિયા શરૂ થવાનું જાણવા મળતા ગ્રામ પંચાયત સદસ્ય જુનેદ ડોડીયા દ્વારા આ બાબતે જિલ્લા વિકાસ અધિકારીને પત્ર લખી પેમેન્ટની ચુકવણી નહિ કરવા રજુઆત કરવામાં આવી છે. સાથે કોન્ટ્રાકટર અને તંત્રના અધિકારીઓની મીલીભગતના આક્ષેપો પણ કરવામાં આવ્યા છે.

## જાહેર બાંધકામની ગુણવત્તાની ચકાસણી માટેની સુચના સહિત

# હવે, ભેળસેળીયાઓની ખેર નથી નું નિવેદન એ સાબિત કરે છે કે ભાજપ સરકારનો કોઈ કાબુ જ નથી

**કોંગ્રેસનાં પ્રવકતા હિરેન બેંકરનાં સરકાર સામે શાબ્દીક પ્રહારો**

ગાંધીનગર, તા. ૭

"હવે ભેળસેળીયાઓની ખેર નથી" અને જાહેર બાંધકામની ગુણવત્તાની ચકાસણી માટે સુચના આપતા ગુજરાતના મુખ્યમંત્રીની આ વાત જ ભાજપ સરકારના ૨૫ વર્ષના શાસનમાં સુનિયોજીત ચાલતા ભ્રષ્ટાચારનું એકરારનામું છે ત્યારે લાખો નાગરિકોના જીવન સાથે ચેડા કરતી ભાજપા સરકારની ભ્રષ્ટાચારી રીત રસમો પર આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડો.મનિષ દોશીએ જણાવ્યું હતું કે,કમલમ અને કૌભાંડ એકબીજાના પર્યાય બની ગયા છે. કમીશન વગર કોન્ટ્રાક્ટ નહીની નીતિના લીધે સરકારી જાહેર બાંધકામોમાં ગુણવત્તામાં મોટા પાયે સમાધાન થઈ રહ્યું છે.મુખ્યમંત્રી માત્ર કેબીનેટ પૂરતી વિગત આપી ચર્ચા કરી ફેસ સેવિંગ ન કરે. મુખ્યમંત્રી પાસે જ શહેરી વિકાસ અને મહેસૂલ વિભાગ તો નક્કર પગલાં કેમ આજદિન સુધી લેવામાં આવતા નથી ? મુખ્યમંત્રી સુચના આપી હેડલાઈન બનાવવાના બદલે નક્કર કાર્યવાહી કરે તો જ ગુજરાતની જનતાને રાહત મળશે. ગુજરાતમાં વારંવાર રસ્તા તુટવા, કેનાલ તુટવી અને બ્રીજ ધરાશાયી

અનુસંધાન પાના ૬ ઉપર

## ચટ્ટાનો સે ટકરાયે ઉસે તુફાન કહેતે હૈ, તુફાનો સે ટકરાયે ઉસે યુવા કહેતે હૈ

# સાવરકુંડલાનો યુવક સુરત ખાતેથી તેમના મિત્ર સાથે સાયકલ ઉપર પરત વતન આવવા નીકળ્યો

**સોમવારે સવારે પ્રસ્થાન કર્યુ હોય આજે આવી પહોંચશે સાવરકુંડલા**



(પ્રતાપ ખુમાણ દ્વારા)

સાવરકુંડલા, તા. ૭

સાવરકુંડલા શિવાજીનગર વિસ્તાર પીપર વાડીમાં રહેતા સમસ્ત પટેલ જ્ઞાતિ સમાજના પ્રમુખ, ઘનશ્યામભાઈ બચુભાઈ જયાણી પરિવારનો અનીશ બાવચંદભાઈ જયાણી પોતાના મિત્ર સુરતના રાહુલ પટેલ સાથે સોમવાર તા. ૬/૧૧ના રોજ વહેલી સવારે ૬:૦૦ કલાકે સાયકલ ઉપર વતન સાવરકુંડલા આવવા નીકળી પડયા છે. ૫૦૦ કિલોમીટરથી વધુ થતું અમરેલી જિલ્લાના સાવરકુંડલા સુધીનું અંતર સાઈકલ ઉપર ખેડાણ કરવાનું કારણ પૂછતા આ ઉધના એકેડેમીમાં બી.બી.એ. માં અભ્યાસ કરતા અનિશ પટેલે જણાવ્યું હતું કે,

'બસ એમ જ...મનમાં થયું કે એકવાર આ પણ મોજ કરીએ..!' આ સાયકલ વીરોને સરેરાશ ૨૦ કિમીનું અંતર કાપતા એક કલાક થાય છે. પ્રથમ દિવસ સોમવારે તા. ૬ /૧૧ પ્રથમ નાઈટ હોલ્ટ વડતાલ મંદિરમાં કરેલ અને મંગળવારે તા. ૭ /૧૧ના રોજ વહેલી સવારે સાયકલ ઉપર ઘોડો પલાંગી વતન તરફ નીકળી પડયા છે અને બીજો નાઈટ હોલ્ટ સાળંગપુર મંદિરે કરવાનો પ્લાન છે. પોતાના માદરે વતન સાવરકુંડલા બુધવારે સવાર સુધી પહોંચી જવાનું આયોજન છે.

આજના યુવાનો વિશે અવારનવાર ફિટનેસ બાબતે નકારાત્મક નિરાશાજનક સમાચારો મળ્યા કરે છે. ત્યારે આવા અડગ મનના યુવાનો પણ છે કે જેના મનમાં સાહસનો સાગર ઘુઘવાટા કરતો જોવા મળે છે. જે તમામ વિદ્યાર્થીઓ અને યુવા જગત માટે પ્રેરણાનું ઝરણું ચોક્કસ બનીરહેશે.







## આબાલ–વૃધ્ધ સૌ કોઈ દિવાળીનાં રંગે રંગાશે

# અમરેલી જિલ્લામાં આજથી દિપોત્સવી પર્વનો ધમધમાટ શરૂ થશે

**જિલ્લાની બજારોમાં રોનકનો માહોલ ઉભો થયો**

અમરેલી, તા. ૭

અમરેલી જિલ્લામાં આવતીકાલ અગિયારશથી દિપોત્સવી પર્વનો ધમધમાટ શરૂ થશે. ફટાકડા, મિઠાઈ, ફુટવેર, ગારમેન્ટ, ડ્રાયફુટ સહિતનાં વેપારીઓને ત્યાં સારા એવા પ્રમાણમાં ગ્રાહકોનો વધારો થશે.

બીજી તરફ જિલ્લાની મુખ્ય બજારોમાં રોશનનીનો ઝગમગાટ ઉભો કરવામાં આવી રહયો છે. અને શાળા–કોલેજો અને સરકારી કચેરીઓમાં રજાનો માહોલ શરૂ થયો છે. તો અનેક



પ્રવાસનાં શોખિનો પણ જુદા–જુદા

અનુસંધાન પાના ૬ ઉપર




*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)